Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : 33 • તા.૧૦થી ૧૬ ઑગસ્ટ ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## હુબલીમાં અજિતનાથ જિનાલયે
## પૂ.સા.શ્રી સમ્યગગુણાશ્રીજી મ.સા.આ.ઠા.નો ચાતુર્માસ પ્રવેશ



પૂજ્યશ્રી સાથે સંઘના મહાનુભાવો



પ્રવેશની અમીવર્ષામાં ભીંજાતા શ્રાવક-શ્રાવિકાઓ



શણગારેલ બેડાંથી સ્વાગત કરતી સૌભાગ્યવંતી બહેનો



સંઘનુ સામુહિક ચૈત્યવંદન



પૂજ્યશ્રીઓને સંઘનું સમુહ ગુરુવંદન



સ્વાગત ગીત રજુ કરતા શ્રીમતી ઇંદુબેન પટેલ અને સૌ. દિવ્યા શરદ મોમાયા



પૂ. સમ્યગગુણાશ્રીજી અને પૂ. શ્રુતગુણાશ્રીજી મ.સા.



પ્રવચન શ્રવણ કરતા શ્રાવક-શ્રાવિકાઓ



પૂજ્યશ્રીનું ગુરુપુજન કરતા શ્રી અનિષ મોમાયા પરિવાર



પૂજ્યશ્રીને કાંબળી વહોરાવતા શ્રી વિરેન્દ્ર છેડા પરિવાર



શ્રી સતિશભાઇનું બહુમાન કરતા શ્રી ભરત મોમાયા અને શરદ મોમાયા



શ્રી ભદ્રીચંદભાઇનું બહુમાન કરતા ટ્રસ્ટીઓ

## અભિનંદન... અભિનંદન... અભિનંદન...



**શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા** તથા **શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયાની શેઠ શ્રી નરશી નાથા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી** તરીકે નિમણુંક થતાં અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

નલીયાના આ બે યુવા નેતાઓએ ઘણી મોટી સંસ્થાઓના ઉચ્ચપદ પર રહી સફળતા મેળવી છે. તેમને જીવનમાં સુંદર કાર્ય દ્વારા સમાજમાં જ્વલંત સફળતા મળે અને ઉચ્ચ કાર્ય કરતા રહે તેમજ ઉચ્ચ સમાજકાર્યો દ્વારા નલીયા ગામનું તથા સમાજનું નામ રોશન કરે એજ અભિલાષા અને શુભેચ્છાઓ...

### શ્રી નલીયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ વતી — શુભેચ્છકો

| | | | |
|---|---|---|---|
| ચેતન લહેરચંદ નાગડા | મણીલાલ ભવાનજી લોડાયા | દીપેશ લક્ષ્મીચંદ મોમાયા | લહેરચંદ મુલજી છેડા |
| હિરાચંદ ધનજી છેડા | પ્રદીપભાઈ નાગડા | ધનપતિ ભવાનજી લોડાયા | ચેતન મુલજી છેડા |
| મયુર ગોવિંદજી દંડ | નરેશ મેઘજી છેડા | વિરચંદ છેડા | ભદ્રીચંદ ભવાનજી દંડ |
| મનીષ મુલજી છેડા | હરીશ મોતા | પ્રવિણ ડુંગરશી ખોના | પ્રણવ હરીશ ખોના |
| પ્રકાશ જેઠાલાલ ખોના | અમીત જેઠાલાલ ખોના | વંદના ભદ્રીચંદ દંડ | જીનલ લહેરચંદ છેડા |
| વિજય વિશનજી સોની | પંકજ લહેરચંદ નાગડા | દૈલેશ મણીલાલ મોમાયા | નિલેશ મોતા |

પ્રજ્ઞેશ હિરાચંદ નાગડા

## સ્મરણાંજલિ... ભાવાંજલિ... આદરાંજલિ...



સ્વ. મુલચંદ દામજી માલદે



સ્વ. દામજી લખમશી માલદે



સ્વ. સોનબાઇ દામજી માલદે

**જીવન કેટલું જીવ્યા તેના કરતા કેવુ જીવન જીવ્યા તે માનવીની સમાજમાં છાપ ઉપસાવે છે.**

આપે કરેલ સામાજિક - સત્કાર્ય ની સુવાસ આજે પણ જીવંત છે. આપની રાહે ચાલવાની અમને શક્તી અને સામર્થ્ય આપે એજ પ્રભુપાસે પ્રાર્થના !

લિ. પુત્ર - પુત્રવધુ : સુશિલા તથા રસિકલાલ, જ્યોત્સ્ના તથા વનરાજ

પુત્રી - જમાઇ : જયાબાઇ તથા મોતિલાલ દેવજી લોડાયા, ખમાબાઇ તથા રતિલાલ છગનલાલ શિયાલ લક્ષ્મીબાઇ તથા હિરાચંદ લખમશી લોડાયા, ચંદનબાઇ તથા શાંતિલાલ ટોકરશી લાપસિયા

પોત્રૌ-પોત્રૌવધુ : સોનિયા તથા વિપુલ, પ્રજ્ઞા તથા જીગ્નેશ, હેતલ તથા રોહિત

પોત્રી - જમાઇ : સેજલ તથા ભાવેશ શાંતિલાલ નાગડા, મનિષા તથા કૌશલ રમેશ ધરમશી

પરપૌત્ર : નીવ વિપુલ    પરદોહિત્ર : કાવ્ય ભાવેશ

દોહિત્ર પરિવાર : લતા - દિનેશ, મીના - મુકેશ, નિતા - વિજય, દિપ્તી - મયુર, મિતા - મયુર, ભરત, રેખા (ડિમ્પલ) - ભાવેશ, લીના - હિતેશ, સ્વ. ભરત, દિપલ - દિપક, નિશા - ધર્મેશ, રેખા - મહેન્દ્ર, રેખા - નિતિન, પ્રિતી - ચંદ્રેશ

વિરાગ, અલ્પા-અલ્પેશ, નિરલ, મોનિક, નિધી, ધવલ, આશિષ, લતિકા, સૌરવ, હીતીક્ષા, કૈવલ્ય, તરેન, દમીત, રિતેશ, મિતાલી, જય, પાર્થ, વત્સલ

|| શ્રી નાકોડા ભૈરવનાથાય નમઃ ||   || શ્રી અરિહંતાય નમઃ ||   || શ્રી મોમાય માતાય નમઃ ||

# હાર્દિક અભિનંદન

**મોગરાની મહેંક, ગુલાબની ભવ્યતા, પારિજાતની દિવ્યતા, કોઇ ઝાકળબિંદુમાં**
**એકઠી થાય ત્યારે પરિવારને દિકરી પ્રાપ્ત થાય છે.**



## ચિ. માનસી દિલીપ લાપસીયા

**IPCC (Inter C.A.) May - 2013**

ગામ દલતુંગીના પ્રજ્ઞા દિલીપ લાપસીયાની સુપુત્રી ચિ. ધવલની લાડકી દિદી
**ચિ. માનસી** ને IPCC (Inter C.A.) May - 2013 માં લેવાયેલ બંન્ને ગ્રુપમાં
પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થવા બદલ અંતરભીના અભિનંદન!

**પરિશ્રમ રુપી પુરુષાર્થની પાંખો પસારી, મહેનતનું મધુવન રચી**
**એકાગ્રતા અને આત્મવિશ્વાસને આત્મસાત કરી**
**કુટુંબ અને નાનાણાં ની આન અને શાન વધારી છે**

માતા સરસ્વતીની અસીમ કૃપા સદાય તારા જીવનમાં વરસતી રહે. સફળતા તારા કદમોને ચૂમતી નજર આવે હરપલ તકદીરને સવાંરતી નજર આવે એજ શુભકામના...

લિ.

**માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર (દલતુંગી) મુલુંડ**
**માતુશ્રી જયાબેન નરશી કરમશી લોડાયા પરિવાર (મોટી ખાવડી) ડોંબીવલી**

**Res. Add: 1602, Neelkanth Heights, BPS X Road, Neelkanth Nagar, Mulund (W), Mumbai - 80.**


# ARIHANT TRANSPORT COMPANY

**Fleet Owners and Transport Contractors**

## ARIHANT LOGISTICS PVT. LTD.

Full Truck Load Accepted All Over India

**HEAD OFFICE :** Plot No. 45, Transport Nagar, Phase II, M.I.A. Basni, Jodhpur - 342 003.
Tel.: 0291 - 2748542 / 3250342 • Email : arihant_dilip@rediffmail.com

**MUMBAI OFF.:** 19, Shree Vithal Chambers, 3rd Flr., 65, Kazi Sayed Street, Masjid Bunder, Mumbai - 3.
Tel.: 022 - 3222 3131 / 3222 3232 • Telefax : 2343 4294 • Email : arihanttrco.mum@gmail.com

SERVICE   RELATIONSHIP   COMMITMENT

હાર્દિક અભિનંદન

## દંડ તથા સાયલા પરિવારનું ગૌરવ



**ચિ. મોનાલી પ્રદીપ વેલજી દંડ**
(લાલા-વડોદરા)

ચિ. મોનાલીએ CAની ફાઇનલ પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થઇ, વડોદરામાં ત્રીજો ક્રમાંક (3rd Rank) મેળવી પરિવારનું નામ રોશન કરેલ છે.

તેની આ જ્વલંત સિધ્ધિ બદલ હાર્દિક વધાઈની સાથે અમે સૌ પરિવારજનો એના ઉજ્જ્વલ ભવિષ્યની કામના સાથે ઉત્તરોત્તર પ્રગતિ માટે અંતરની શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

**શુભાશિષ**

દાદાણાં : માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લખમશી દંડ (લાલા-વડોદરા)
માતુશ્રી નવલબેન ઉત્તમચંદ લખમશી દંડ (લાલા-મહુવા)

નાનાણાં : માતુશ્રી હંસાબેન પુનશી ચત્રભોજ સાયલા (તેરા-અહમદનગર)

માતા-પિતા : સૌ. દીપાલી પ્રદીપ વેલજી દંડ

ફઇ-ફુઆ : સૌ. વર્ષા રાજેશ કાંતિલાલ મોતા (રાયધણજર-વડોદરા)
સૌ. રશ્મિ રાજેશ કેશવજી લોડાયા (નલિયા-હૈદરાબાદ)
સૌ. કુંજલ પરેશ મહેન્દ્ર ધરમશી (કોઠારા-ઇન્દોર)

ભાઇ-ભાભી : સૌ. જીનલ પ્રતિક રાજેશ મોતા

ભાઇ-બેન : ચિ. પ્રિયંક પ્રદીપ દંડ
ચિ. આશિષ રાજેશ મોતા
ચિ. કરણ પરેશ ધરમશી
ચિ. હેમલ રાજેશ લોડાયા
ચિ. પલક પરેશ ધરમશી

## સાંયરામાં પૂ.સા.શ્રી કોમલગિરાશ્રીજી અને પુ. સિધ્ધગિરાશ્રીજી મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ



ચાતુર્માસ પ્રવેશે શાનદાર સામૈયું



પૂજ્યશ્રીઓને શુકનવંતા બેડાંથી વધાવતી સૌભાગ્યવતી બહેનો અને નિયાણીઓ



પૂજ્યશ્રીઓના પ્રવેશ સામૈયામાં સામેલ સંઘ અગ્રણીઓ

જય જય શ્રી મોમઇ માત



કચ્છ વરાડીયાના વતની અને હાલ હૈદ્રાબાદ વસતા શ્રી મણીકાંત મેઘજી મોમાયાને 'અન્નપુરક રત્ન' તથા શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયાને 'અન્નપૂર્ણા રત્ન'થી સન્માનિત થવા બદલ શ્રી ડાઘા મોમઇમા મિત્ર મંડળ (વરાડીયા), મુંબઇની હાર્દિક વધાઇ અને શુભેચ્છાઓ..

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી-09820808077

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 33/2013

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## ધર્મ એક, સંવત્સરી એક ? -પ્રવિણ ખોના (મુંબઇ)

જૈન એકતાની શ્રેષ્ઠ અભિવ્યક્તીની દ્દષ્ટીએ **ધર્મ એક, સંવત્સરી એક...** આ સૂચન ઉત્તમ છે પણ એને અમલમાં મુકવાનું કઠીન અને સલાહભર્યું નથી. તેમજ અત્યારે જે શાંત વાતાવરણ પ્રવર્તી રહ્યું છે તે ડહોળાઇ જશે. અત્યારે દરેક ફિરકા, પંથો તથા ગચ્છો પોતપોતાની પરંપરા પ્રમાણે સંવત્સરી અને પર્યુષણ મનાવી રહ્યા છે. ક્યાંયે હોંસાતોંસી જણાતી નથી. બધું સમુસુતરૂં ચાલે છે.

અલગ અલગ ફિરકાઓ, પંથો અને ગચ્છો શાનાથી થયા ? મહાવીર વખતે અને તે બાદ ઘણા વર્ષો સર્વે જૈનો એક જ હતા. અલગ શાનાથી થયા ? મહત્ત્વાકાંક્ષી અને અસંતોષી જીવોથી. ગુરુથી નારાજ ચેલાએ નવો પંથ, ફિરકો કે ગચ્છ ચાલુ કર્યો. ગુરુ ગુજરી જતાં બન્ને ચેલાઓએ પોતપોતાનો અલગ ચીલો પાડ્યો. તાજેતરના દાખલા જોઇએ તો શ્રીમદ્‌ના નામના પંથનો છે. શ્રીમદે્ કોઇ પંથ શરૂ કરેલ નહીં, પરંતુ એમના મૃત્યુ બાદ અલગ અલગ ઠેકાણે અલગ અલગ વ્યક્તિઓના નેજા હેઠળ કેટલાક આશ્રમો ચાલુ થયા. સર્વે જૈન ધર્મના સિદ્ધાંતો અનુસરે છે, પરંતુ પોતપોતાની રીતે.

અલગ અલગ પંથ, ફિરકા કે ગચ્છ કે વાડા પર જે જે મહાનુભાવો પોતાનું આધિપત્ય ધરાવતા હશે તે પોતાનું આધિપત્ય છોડવા કે એની પ્રણાલી બદલવા તૈયાર નહીં થાય.

સંયુક્ત કુટુંબમાં જ્યારે વાસણો ખખડે ત્યારે કુટુંબના વડીલ વાંધા-વસ્ટી કરનાર પુત્રના કુટુંબને અલગ કરી દે છે, અથવા કુટુંબનું વિભાજન કરી દે છે. જેથી સર્વે પોતપોતાની રીતે સુખ-શાંતિથી રહી શકે. પરંતુ સારા-નરસા પ્રસંગે કુટુંબના સર્વે સભ્યો એકત્ર થઇ જાય છે. UNITY IN DIVERSITY.

તેવી જ રીતે જૈન શાસનના વિવિધ પંથો, ફિરકાઓ, ગચ્છો પોતપોતાની અલગ અલગ રીતે ધર્મ ક્રિયાઓ કરે છે કે મનાવે છે પરંતુ જ્યારે જૈનશાસન સામે પ્રશ્ન ઊભો થાય છે ત્યારે સર્વે એકજૂથ થઇ જાય છે, જેમાં કશુંય અજુગતું નથી.

મારવાડી પંચાંગ અન્ય હિન્દુ પંચાંગોથી અલગ પડે છે. એ હિન્દુ પંચાંગથી ૧૫ દિવસ આગળ ચાલે છે. અને દરેક મહિને વદ પક્ષ પહેલાં આવે છે, અને સુદ પક્ષ બાદમાં આવે છે. એટલે બન્ને પંચાગો પ્રમાણે સુદ પક્ષ સાથે આવે છે. જ્યારે વદ પક્ષ અલગ અલગ હોય છે. એટલે મારવાડી પંચાંગ પ્રમાણે દિવાળી કારતક વદી અમાસના આવે છે, જ્યારે હિન્દુ પંચાંગ પ્રમાણે દિવાળી આસો વદી અમાસના આવે છે. બન્નેની દિવાળી એક દિવસે આવે છે. પાર્શ્વનાથ જન્મ કલ્યાણક માગસર વદી દસમના અલગ અલગ દિવસે આવે છે. આ મારી સમજ છે. ભૂલ હોય તો કોઇ સુધારશે તો આભારી થઇશ.

દરેક પંથ, ફિરકો કે ગચ્છ પોતપોતાની પ્રણાલી પ્રમાણે તહેવાર કે પ્રસંગે ઉજવે કે મનાવે તેમાં કાંઇ અજૂગતું નથી.

ધારો કે એક સંવત્સરી માટે ઐક્ય સાધવામાં સફળતા મળી, તો ક્યા દિવસે સંવત્સરી મનાવવી એ બાબત મતમતાંતરો થશે, અને એકજ પ્રતિક્રમણ અને એક જ વિધિવિધાનોના પ્રશ્નો ઊભા થશે. વિખવાદોની હારમાળાની શરૂઆત. હું પદ સર્વત્ર છે.

મારો નમ્ર મત છે જેમ ચાલે છે તેમ ચાલવા દો. એકત્ર કર્યા બાદ નવી યાદવાસ્થળી ઊભી થશે. અત્યારે બે પંથો કે બે ગચ્છો કે બે વાડાઓ વચ્ચે મારામારી કે હોંસાતોંસી નથી. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે અમુક તીર્થોના પ્રશ્નો સિવાય વિખવાદો નથી. બન્ને પોતપોતાની રીતે ચાલે છે. તેવી જ સુખદ પરિસ્થિતિ સ્થાનકવાસી અને મંદિરમાર્ગી વચ્ચે છે. મહાવીર જયંતી (દા.ત. મહાવીર-કથા) જેવા પ્રસંગે સર્વ એકત્ર થઇ જાય છે,

***પ્ર.સ. અંક ૩૨માં પાના નં.૫ ઉપરના 'જૈન એકતાની બાબતે આદર્શવાદી નહીં પણ વ્યવહારવાદી વલણ વધુ યોગ્ય' વિષેના લેખના લેખક શ્રી પ્રવીણ ખોના (મુંબઇ) છે.***

જેમ વિભક્ત કુટુંબના સભ્યો ટાણે-પ્રસંગે એકત્ર થઇ જાય છે.

એક સંવત્સરી શા માટે ? વિધર્મીઓને બતાડવા કે અમે સર્વ જૈનો એક છીએ ? એકત્ર થયા બાદ જ્યારે ફરીથી નવા વિખવાદો અને વિસંવાદો ઊભા થશે ત્યારે વિધર્મીઓને આપણે શું જવાબ આપીશું ?

તપગચ્છમાં પણ બે સમુદાયો દ્વારા ચોથ અને પાંચમના અલગ અલગ સંવત્સરી થાય છે. કાનજી સ્વામીના પંથવાળા અન્ય દિગંબરોથી ભિન્ન રીતે પર્યુષણ ઉજવે છે, જો કે દિવસો ભલે એક જ હોય.

ઐક્ય માટે શ્રાવકોની સંમતી મેળવવી મુશ્કેલ નથી. મુશ્કેલી છે ધર્માચાર્યોની સંમતી લેવામાં. તિથિ ચર્ચા-ચોથ કે પાંચમ-તપગચ્છમાં વર્ષોથી ચાલે છે. એમને એકત્ર કરવા ઘણા નિષ્ફળ પ્રયત્નો કરવામાં આવેલ છે.

અચલગચ્છમાં તિથિની ગણના ચંદ્રના આધારે થાય છે. સૂર્યાસ્ત સમયે જે તિથિ હોય તે તિથિ સૂર્યોદયથી ગણવામાં આવે છે. જ્યારે તપગચ્છ અને કેટલાક અન્ય પંથો અને ગચ્છોમાં જે તિથિ સૂર્યોદય વખતે હોય તે તિથિ સમસ્ત દિવસ માટે ગણવામાં આવે છે. ભલે ને દિવસ દરમ્યાન તિથિ બદલાતી હોય, અને સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે અલગ અલગ તિથિ હોય. કોણ સાચું ? અહીં અનેકાંતને ઉપયોગમાં મુકો. નાહકની ચર્ચા શા માટે ?

એટલે મહત્ત્વ કઇ તિથિની ક્રિયા કરો છો એનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે ધાર્મિક ક્રિયા કરવાનું

એટલે મારા નમ્ર મત અનુસાર જે ચાલે છે તેને ચાલવા દો. એક જૈન એકતાના આદર્શ ખાતર ખોટા વિવાદો અને વિખવાદો પેદા કરવા ઉચિત નથી.

## પરજ્ઞાતિમાં પરણેલ જ્ઞાતિની દીકરીઓને વિશેષ આત્મીય દરજ્જો આપવો જ જોઇએ : જ્ઞાતિજનોના અભિપ્રાય અને અપેક્ષા

પ્ર.સ.ના અંક ૩૧માં શ્રી ચંદ્રસેનભાઇ મોમાયાએ લખેલ લેખ 'અન્ય સમુદાયમાં પરણેલી દીકરીઓને જ્ઞાતિએ વિશેષ આત્મીય દરજ્જો આપવો જ જોઇએ'ના સંદર્ભમાં નીચેની વિગતો રજુ કરીએ છીએ, જે લેખમાં પરિપ્રેક્ષ્યમાં ઉપયોગી થશે એવી આશા છે.

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુનામાં ઘણાં વર્ષોથી પરજ્ઞાતિમાં પરણેલી આપણી દીકરીઓ અને તેનાં કુટુંબીજનોને સંઘનાં કાર્યક્રમોમાં આમંત્રિત કરવામાં આવે છે. હાલમાં આશરે પરજ્ઞાતિમાં પરણિત ૧૫ જેટલી કદઓ દીકરીઓ પુનામાં વસવાટ કરે છે અને સંઘનાં સંપર્કમાં રહે છે. હજી આશરે ૧૦ જેટલી પરજ્ઞાતિમાં પરણીત ક.દ.ઓ. દીકરીઓ પુનામાં છે એવો અંદાજ છે, પરંતુ કોઇક કારણસર પુના સંઘના સંપર્કમાં નથી. સંપર્કમાં રહેલ દરેક દીકરીને પુના સંઘ તરફથી કાર્યક્રમો હાજરી આપવા આમંત્રિત કરાય છે. સંઘની બધીજ પ્રવૃત્તિઓ જેમ કે ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અથવા મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં પરજ્ઞાતિમાં પરણેલ આપણી દીકરીઓ તન-મન અને ધનથી સહકુટુંબ ઉમળકાભેર ભાગ લે છે. ઉદાહરણ તરીકે, હાલમાં જ પુના સંઘ દ્વારા યુવાઓ માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયું હતું. આ સંપુર્ણ કાર્યશાળાનું સંચાલન આપણી જ્ઞાતિની પણ પરજ્ઞાતિમાં પરણેલી દીકરીએ જ કર્યુ હતું, જેઓ પોતે અનુભવી મેનેજમેન્ટ ટ્રેઇનર છે. પરંતુ સંઘના યુવાઓ માટે તેમણે પોતાના વ્યસ્ત પ્રોફેશનમાંથી, એક આખો દિવસ ફાજલ કર્યો અને તે પણ કોઇ જાતનો ચાર્જ લીધા વગર ! ઉલ્લેખનીય છે કે તેમનો દર દિવસનો ચાર્જ સામાન્યતઃ હજારો રૂપિયામાં છે. તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ આપણી જ્ઞાતિની બીજી એક દીકરીએ, પુનામાં ભણતા ક.દ.ઓ. દીકરીઓ માટે રહેવાની અને જમવાની (હોસ્ટેલની) સગવડ પુરી પાડવાની ઇચ્છા દર્શાવેલી. આ ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટસીના પ્રોફેશન સાથે સંકળાયેલ હજી એક દીકરી આપણી જ્ઞાતિના સી.એ. તરીકે નવા પાસ થયેલ યુવાઓને સારી કંપનીઓમાં નોકરી અપાવવા અથવા માર્ગદર્શન આપવા હંમેશા તત્પર હોય છે.

ઉપરોક્ત ઉદાહરણોથીએ વિદિત થાય છે કે જો કોઇ સંઘ, પરજ્ઞાતિમાં પરણેલ દીકરીઓ તરફ આત્મીયતા દર્શાવશે તો સામે પક્ષે પણ સકારાત્મક પ્રતિભાવ જરૂર આવે છે. આમેય આપણાં જ્ઞાતિજનો જ્યાં વસવાટ કરતાં હોય ત્યાંની અન્ય જ્ઞાતિઓ કે જ્ઞાતિજનો સાથે વિવિધ કારણે સંકળાયેલા હોઇએ જ છીએ, જ્યારે આ તો આપણીજ દીકરીઓ છે ! કાયદાકીય કે બંધારણીય રીતે આપણે તેમને અન્ય જ્ઞાતિજન સમકક્ષ દરજ્જો ભલે ન આપીએ. પરંતુ કચ્છી દશા ઓશવાળ જેવી પ્રગતિશીલ જ્ઞાતિએ તેમને 'આમંત્રિત' તરીકેનો આત્મીય દરજ્જો જરૂર આપવો જોઇએ. પુના સંઘના અમારા અનુભવોને આધારે અમે આ માટે અન્ય સંઘોને પણ અનુરોધ કરીએ છીએ.

**પુના-૬.૮.૧૩ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુના વતી**

**મિલન હીરાચંદ પટેલ (મંત્રી)**

## દીકરીઓને હક આપો

આજે આપણી જ્ઞાતિ દિવસે દિવસે ઓછી થતી જાય છે અને ઓછી થવાની છે, કારણ આજે ઘણી છોકરી બીજી નાતમાં પરણે છે. તો છોકરાઓ ઘણી ભણેલી વહુઓને અપનાવે છે. તો પછી પરનાતમાં પરણેલી છોકરીઓને કેમ નહી ? 'પ્રકાશ-સમીક્ષા' અને 'પાંજો પ્રતિબિંબ'ના અંકો એમને મલવા જોઇએ. તો જ્ઞાતિની ખબર પડે. આપણા જ્ઞાતિના પ્રોગ્રામ થતા હોય તો એમને આમંત્રણ મલવું જોઇએ. દશા-પંજા સાથે થઇ ગયા, તો આપણી ક.દ.ઓ.ની છોકરીઓને કેમ નહી? મહાજન થોડું ધ્યાન આપે તો આપણી જ્ઞાતિની સંખ્યામાં વધારો થશે. ઉમંગ વધશે.

**મસ્જિદબંદર-૨૫.૭.૧૩ નવલબેન હિરાચંદ મોતા**

*(નોંધ : આપની રજુઆત ખરી છે. પ્ર.સ.પરનાતમાં પરણેલી દીકરીઓને નોમીનલ સભ્ય બનાવવાના વિચારને ટેકો આપે છે. પરનાતમાં પરણેલી ઘણી દીકરીઓ પ્રકાશ-સમીક્ષાનું લવાજમ ભરીને મંગાવે છે. અન્ય દીકરીઓ પણ તેમ કરે તે આવકાર્ય છે.)*

**-તંત્રી**

## અન્ય જ્ઞાતિમાં પરણેલી નીયાણી માટે શું કામ ભેદભાવ ?

આપણે કહી એ છીએ કે, દીકરી એટલે પારકી થાપણ. શું તે ખરેખર સત્ય છે ? આપણા મહાજન માટે તો ખરેખર સત્ય છે.

દીકરી અન્ય જ્ઞાતિમાં પરણી તે એનો અપરાધ? કે તેને આપણા સમાજમાંથી તરછોડી દીધી. આનાથી વિપરીત આપણી દીકરી પરજ્ઞાતમાં પરણીને આપણા સમાજનું નામ રોશન કરે છે. દીકરી પોતાના સાસરીયા પક્ષમાં ગૌરવથી કહે છે કે હું KDO માંથી આવી છું અને તેના સમાજમાં આપણા સમાજની ઓળખ આપે છે.

પરજ્ઞાતિમાં પરણેલ દીકરીને આપણે વસતીપત્રકમાં સ્થાન નથી આપતા, સમાજના અન્ય કાર્યક્રમમાં સ્થાન નથી આપતા, તેમને ભાગ લેવા નથી આપતા.

આપણો સમાજ દિવસોદિવસ પ્રગતી કરી રહ્યો છે, તેમાં થોડી બાંધછોડ ન થાય ? જુનવાણી વિચારોનો ત્યાગ ન કરી શકાય ?

**- કુલીન શીવજી લોડાયા (ડોંબિવલી)**

## પરજ્ઞાતિમાં પરણેલ જ્ઞાતિની દીકરીઓને આત્મીય દરજ્જો આપવો જ જોઇએ

પ્ર.સ.ના ૩૧ અંકમાં શ્રી ચંદ્રસેન મોમાયાએ "અન્ય સમુદાયમાં પરણેલી દિકરીઓને જ્ઞાતિએ વિશેષ આત્મીય દરજ્જો આપવોજ જોઇએ" ચિંતનશીલ લેખમાં અનેક તર્ક સાથે તટસ્થ દલીલો કરી જ્ઞાતિજનોને જાગૃત કર્યા છે. સમય અને સંજોગોને લક્ષમાં લેતાં સુધારક જ્ઞાતિજનોને મોકળા મને શ્રી ચંદ્રસેનભાઇના મુદ્દાઓ વિચારીને અમલમાં મુકવા મક્કમ થવું જ પડશે એ સમયનો તકાજો છે.

એજ રીતે "છુટાછેડા" કે "લગ્ન ફોક" થનાર જ્ઞાતિજનો જે ફરી જ્ઞાતિજનો સાથે ફરી ઠરીઠામ થાય છે એવા લોકો ખરેજ નાતના સંરક્ષણ અને સંવર્ધનની ક્રિયાના સ્તંભ છે જ ! એવા જ્ઞાતિજનોને તે તે સંઘ, ગામ કે મહાજનશ્રીએ જાહેર અભિવાદને સત્કારવા જોઇએ. એથી એમનો સંકોચ દૂર થશે. વિશ્વાસ વધશે અને અન્યોને પ્રેરણા મળશે. સગપણ ફોક કે છૂટાછેડા લેનાર વ્યક્તિઓ ફરી ઠેકાણે ના પડે ત્યાં સુધીનો સમય એમના માટે ખરેજ માનસીક ત્રાસનો હોય છે. એમને હુંફની જરૂરત હોય છે. એ દિશામાં પણ વિચારવું પડશે જ. આવા જ્ઞાતિજનોની સંખ્યા પણ હવે નાની સૂની નથી રહી. સમયે વધારોજ થાય છે !

ઉપરોક્ત લેખમાં બંનેય પક્ષો માટે તટસ્થ રહી, સ્વસ્થ અને અર્થપૂર્ણ દલીલ કરી તંત્રીલેખને ન્યાય આપતાં શ્રી ચંદ્રસેન મોમાયાને ધન્યવાદ.

**ભાંડુપ-૨.૮.૧૩ - લહેરચંદ વેલજી મૈશેરી**

## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર ફંડ્ઝ ટ્રસ્ટ

શ્રી જખૌ તીર્થે ચાતુર્માસની આરાધના રૂડી રીતે થઇ રહી છે. મુંબઇ તેમજ દેશાવરથી લગભગ ૧૫૦ જણાં પર્યુષણ પર્વમાં આરાધના કરવા જખૌ આવવાના છે. પૂ.સા. ધર્મકીર્તીશ્રીજી મ.સા. આદી ઠાણા બે સુખ શાતામાં છે.

ચાતુર્માસ ફંડમાં ઉદાર હાથે ફાળો નોંધાવવા નમ્ર અપીલ છે. ફાળાની રકમ ડાયરેક્ટ બેંક ખાતામાં પણ ભરી શકાશે. **બેંકની વિગત : દેના બેંક (ભાતબજાર શાખા) A/C NO.014610004806** ફાળાની રકમ નીચેના સરનામે પણ સ્વીકારવામાં આવશે.

**ટ્રસ્ટ ઓફીસ**

**C/o. શ્રી કુલીન લાલજી મહેશ્વરી** ૧૮/સી, મુલુન્ડ મમતા કો.ઑ.હા.સો.લી. એલ.બી.એસ માર્ગ, સંતોષી માતાના મંદિર સામે મુલુન્ડ (વે), મુંબઇ-૮૦.
**ફોન : 022-21646493 મો : 09820198823**

પર્યુષણ પર્વ દરમ્યાન નવકારશી, જમણવાર, ચૌવિહારની સાધર્મિક ભક્તિના લાભ માટેના નામ નોંધવામાં આવે છે.

જ્ઞાતિનું કેંદ્રવર્તી મહાજન

સૌના માટે, સૌની સાથે...

।। નમામિ જ્ઞાતિ મૈયે ।।

# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

**કાર્યાલય :** C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણી સદન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**C/o. ફોન : 9322220708** E-mail : samastmahajan@gmail.com

## સમસ્ત જ્ઞાતિના અકસ્માત મૃત્યુ સામે વીમા યોજના

સમસ્ત જ્ઞાતિના ભાઈ-બહેનોને જણાંવવાનું કે, જ્ઞાતિના સભ્યો માટે અકસ્માતે થતા મૃત્યુના સંરક્ષણ માટે વીમા યોજના હેઠળ સમસ્ત જ્ઞાતિને આવરી લેવાનું આયોજન વિચારાયું છે.

ઘણીવાર માર્ગ, વાહન, ટ્રેન અકસ્માતોમાં કે દુર્ઘટનામાં આકસ્મિક કરૂણ મોત થાય છે. તેવી દુખદ ઘટનાઓમાં સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના કોઈ સભ્ય ભોગ બને ત્યારે તેમના પરિવારને વીમા યોજનાની રકમનું વળતર સુલભ મળે તે હેતુસર આ યોજના વિચારાઈ છે. આ યોજનામાં તે પરિવારને રૂા.૨.૫૦ લાખનું ચેક સમસ્ત મહાજન મારફતે મોકલાવાશે.

આ બાબતે સમગ્રતયા વિચાર વિમર્શ કરવા જ્ઞાતિના અનુભવી વિમા એજન્ટો અને નિષ્ણાંતોની એક બેઠક તા.૧૪.૪.૧૩ના ટ્રસ્ટી ઈંદીરાબેન જયંતિલાલ વિકમશીના નિવાસસ્થાને મળેલ અને જ્ઞાતિ હિતાર્થે આ વીમા યોજનાના પ્રવર્તમાન લાભ લેવા બધા મુદ્દા અને નીતિનિયમો વિચારાયા.

આ યોજના સમગ્ર જ્ઞાતિસ્તરે કાર્યાન્વિત કરવા સમસ્ત જ્ઞાતિ મહાજન કટિબધ્ધ છે. જ્ઞાતિ વસતીપત્રક સમિતિ દ્વારા સમગ્ર જ્ઞાતિના સભ્યોની જરૂરી વિગતો સહ યાદી મળતા તેના આધારે આ યોજના માટે અરજી કરાશે.

વિશેષમાં આનંદના સમાચાર એ છે કે, આ યોજનાની ચર્ચા ચાલુ હતી ત્યારેજ કોઈ વિલંબ વિના જ્ઞાતિના કલ્યાણાર્થે સદૈવ સહયોગી એવા **શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા** (રવા-ચેમ્બુર) પરિવારે યોજનાના પ્રથમ સંપુર્ણ પ્રિમીયમ માટે રૂા. પંદર લાખ અનુદાન આપવા ઉદાર દિલે તૈયારી દર્શાવી હતી.

સમસ્ત મહાજનના ઉપક્રમે જ્ઞાતિમાં જરૂરતમંદોને ઉચ્ચ શિક્ષણ, મેડીકલ અને સાધર્મિક સહાયતા અંગે **'વન વિન્ડો સીસ્ટમ'**ના મેડીકલ સહાયતા પાંખના કન્વીનર **શ્રીમતિ ઈંદીરાબેન જયંતિલાલ વિકમશી** છે.

સમસ્ત મહાજના ઉપક્રમે આ યોજના ટુંક સમયમાં આકાર લેશે. એ માટે જ્ઞાતિના વિમા એજન્ટો-નિષ્ણાંતોએ જ્ઞાતિ ઉપયોગી આ યોજના માટે યોગદાન આપેલ. એ સર્વેના તથા દાતા શ્રી કિરીટભાઈ લાપસીયાના હાર્દિક આભારી છીએ.

સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિસ્તરે મહાજનોના માધ્યમે મેડિકલ સહાયતા યોજના માટે જ્ઞાતિભરમાંથી સુચન આવકાર્ય છે.

**(નોંધ :** દરેક મહાજનશ્રી પોતાના સંપર્કના નામ-સરનામાં-ફોન-ઈમેલની નોંધ સમસ્ત મહાજનને મોકલાવે. જેથી જ્ઞાતિકાર્યો માટે સહજ-સુલભ સંપર્ક કરી શકાય.)

***ઈંદીરાબેન વિકમશી (કન્વીનર)*** ***ચીમન મોતા (સેક્રેટરી જનરલ)***

## જાણવા જેવું : બાંઢીયા તળાવનાં કાચબા

સામાન્ય રીતે કોઇ પણ પશુ-પક્ષી પછી એ જળચર હોય કે ભૂચર. માણસનાં અવાજથી દુર ભાગતા હોય છે. સીવાય કે પાળેલ પશુ-પક્ષી. બાંડીયામાં પૂર્વ બાજુ મહાજનવાડી પાસે વાંઇ તરાઇ નામથી પ્રખ્યાત તળાવ છે. જે તળાવનાં પાણીની અંદર ક્ષેત્રપાલદાદાની દેરી છે તેની પ્રદક્ષિણા કરવા પાકી સીમેન્ટની ઝાળીની દીવાલ બનાવેલ છે. ક્ષેત્રપાલદાદાનાં દર્શન કરી પાડી પાસે ઉભા રહી સામાન્ય કાંઇ પણ વાતચીત કરીએ તો ૫ મીનીટમાં ૫૦ થી ૬૦ કાચબા પાળીની આજુબાજુ આવી જશે. એમને ખાવાનું કાંઇ મળશે એ આશાએ પાણી બહાર આવી પોતાનું મોઢું કાઢી આપણી તરફ જોયા કરશે.

સરકારે જ્યારે કાચબા ઉછેર માટે ખાસ વ્યવસ્થા કરી છે અને લાખો રૂા. ખર્ચ કરે છે. ત્યારે અહીં આટલા કાચબા કોઇપણ સારસંભાળ વગર, કાંઇ પણ ખર્ચ વગર ઉછરે છે. એ પણ એક કુદરતનો કરીશ્મા છે. લગભગ ૫ વર્ષથી અમે નજરે જોઇએ છીએ.

અબડાસામાં બાંડીયામાં ૧૮૭ વર્ષ જુના એકમેવ મૂળનાયક, શ્રી વિમલનાથ દાદાનું ભવ્ય દેરાસર છે. દર્શન કરવા જરૂર પધારશો. સાથે આ કાચબા કેન્દ્રનો કરીશ્મા પણ જરૂર જોશો.

**હીરાચંદ વીશનજી નાગડા (ભાંડુપ)**

## ઝુકી તો જવાય ને !

હું કિરણ લક્ષ્મીચંદ મોતા, (લાખણીયા-રાજકોટ) મારા લગ્ન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ આયોજીત સમુહ લગ્નોત્સવ–૨૦૦૭માં આદિપુર મધ્યે થયેલા. અમને વર્ષ ૨૦૧૩માં લગ્ન નોંધણી પ્રમાણપત્ર જરૂર પડતાં, અમે રાજકોટનાં વકીલો પાસેથી સલાહ લીધેલ અને પ્રમાણપત્ર મેળવવા માટે પ્રયાસ કરેલ પણ સફળતા મળી ન હતી. અમને ગાંધીધામ રહેવાસી શ્રી અરવિંદ લાલજી લોડાયાનાં મોબાઇલ નંબર મળતા તેઓનો સંપર્ક કરેલ. હું અને મારા પત્ની વૈશાલી કિરણ મોતા બંને રૂબરૂ ગાંધીધામ જઇને તેઓનો સંપર્ક કરેલ. શ્રી અરવિંદભાઇએ બધા પેપર્સ તૈયાર કરી તલાટીશ્રીનો સંપર્ક કરીને અમને એક દિવસમાં પ્રમાણપત્ર મેળવી આપેલ. તેઓ સાથે અમારી કોઇ ઓળખાણ ન હતી પણ સમાજસેવાની ભાવના, સમયનો ભોગ આપીને અમારા મુશ્કેલ કાર્યને ખુબ સરળ બનાવી દીધું. અમે શ્રી અરવિંદભાઇ અને શ્રી શાંતિજિન ગ્રુપનાં ખુબખુબ આભારી છીએ. દરેક ગામ/શહેરમાં સમાજનાં આવા અગ્રણી કાર્યકરો હોય તો સમાજનું કોઇપણ મુશ્કેલ કાર્ય સરળ બની જાય.

**- કીરણ લક્ષ્મીચંદ મોતા**
**- વૈશાલી કિરણ મોતા (રાજકોટ)**




માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ (સાંધવ-ભાંડુપ)

ના આત્મશ્રેયાર્થે

પંચ પરમેષ્ઠી નવકાર મંત્ર જાપ

શ્રધ્ધેય શ્રી જયંતભાઈ રાહી તથા સાથીઓ



આયોજક :

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ

દાતા પરિવાર : માતુશ્રી લક્ષ્મીબેન નરશી ચત્રભોજ દંડ (સાંધવ-ભાંડુપ)

તા. ૨૫/૦૮/૨૦૧૩ રવિવાર, સવારના ૮.૩૦ કલાકેથી... ત્યારબાદ સાધર્મિક ભક્તિ

સ્થળ : શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, અનંતસિધ્ધી, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે.), મુંબઈ-૭૮.

જાપ દરમ્યાન સફેદ વસ્ત્રો પરિધાન કરી સકળ સંઘને પધારવા વિનંતી.




## જૈન એકતા

'પ્રકાશ-સમીક્ષા'ના ૨૦થી ૨૬ જુલાઇના અંકમાં 'જૈન એકતા'નો લેખ ખુબ મહત્વનો અને આંખ ઉઘાડનાર હતો. ભારતની વસ્તીના અળધા ટકાથી પણ ઓછી વસતી ધરાવતી જૈન પ્રજા ધાર્મિક અને સામાજીક મુદ્દાઓ પર અનેક પંથો અને ગચ્છોમાં વીખરાઇ ગઇ છે. સામાજીક મુદ્દાઓ જેમકે કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ ભારતમાં જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કરાવવા માટે જૈન સમાજ એક સ્વરમાં વાત મુકી શક્યું નથી અને જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા ન્યુક્લિયર યુધ્ધ જહાજનું નામ 'અરિહંત' રાખવામાં ઓવલ ત્યારે પણ, જૈન સમાજ દ્વાર કોઇ ખાસ પ્રતિક્રિયા થઇ નહોતી. ધાર્મિક મુદ્દાઓમાં લેખક દ્વારા જણાવેલ મહાવીર જયંતિ, સંવત્સરી તિથિઓ અને કલ્યાણાકો પર સહમતીનો પ્રયાસ કરવો જરૂરી છે. જૈન સમાજના અગ્રણીઓ આવા અનેક પ્રશ્નો પર ધ્યાન આપશે એ અપેક્ષા. અંતમાં ભક્તિગીતની એક કડી જે મેં આ મુદ્દાના ઉપલક્ષમાં લખેલ તે રજુ કરૂ છું.

*હમ દિગંબર હો યા હો શ્વેતાંબર*
*ના કરે હમ કીસીમેં યે અંતર*
*કોઇભી ગચ્છ હો, કોઇભી પંથ હો,*
*હમ મહાવીર કે ધર્મકા પાલન કરે.*

**હૈદરાબાદ-૩૧.૭.૧૩ સંજયકુમાર કાંતિલાલ મોતા**


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...**

**૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786**


## ભુલસુધાર

• પ્ર.સ. અંક ૩૦માં પાના નં.૭ ઉપર ચિ. રોનક જીતેન દંડની જા.ખ.માં તેમના મમ્મીનું નામ શરતચુકથી મીના જીતેન દંડ છપાયું છે. જે સુધારીને **હીના જીતેન દંડ** વાંચવું. અને પાન નં.૯ ઉપર પાસ થયા -હાર્દિક અભિનંદનમાં શરતચુકથી રોનક ચીમનલાલ દંડ છપાયું છે જે સુધારીને **રોનક જીતેન ચીમનલાલ દંડ** (B.Tech Civil) વાંચવું.

• પ્ર.સ. અંક ૩૧માં પાના નં.૧૫ ઉપર વિદ્યાર્થીસંઘ દ્વારા જા.ખ.માં સહયોગી દાતાઓની નામાવલીમાં શરતચુકથી શ્રી વિનોદ ખેતશી ડાઘા (વરાડીયા-મુલુન્ડ) અપાયું હતું તે સુધારીને **શ્રી વિનોદ વીરચંદ ડાઘા** વાંચવું.

• વિદ્યાર્થીસંઘના મુખપત્ર 'અર્પણ'માં શ્રીમતી લીનાબેન હીતેન નાગડા (આરીખાણા-ઘાટકોપર) ફોન : ૯૭૬૯૪૧૧૦૧૦ એમ સુધારીને વાંચવું.

## વસતિપત્રકમાંનો વિલંબ આપણુંજ નુકશાન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિએ 'પ્રકાશ-સમીક્ષા'માં આપેલી જાહેરાતમાં સમિતિની વેબસાઇટ www.kdovp.com પર મુકેલ પરિવારોની વિગતે તપાસ તેમાં સુધારા-વધારા સૂચવવાની છેલ્લી તારીખ ૨૫.૮.૧૩ સુધી લંબાવતા ફરિયાદ કરી છે કે વસતિપત્રકને ભૂલ વગરનું કરવાની પ્રયત્નોને જ્ઞાતિ યોગ્ય પ્રતિસાદ આપતી નથી.

આ માત્ર નોંધ કરવા યોગ્ય જ નહીં પણ ખેદજનક બાબત છે. આપણા માટે, આપણી સમિતિ દ્વારા થતા કાર્ય માટે આવી ફરિયાદ કરવાની ફરજ ન પડે એ જોવાની આપણી સૌની ફરજ છે, એ વાત ભૂલશું તો આપણે આપણું જ નુકસાન કરશું.

**મુંબઇ : ૯.૮.૧૩ - ચંદ્રસેન મોમાયા**

## પાસ થયા - હાર્દિક અભિનંદન


**વૈભવ ગુલાબ ધરમશી**
ગાંધીધામ
SSC - 70%


**ફાલ્ગુન રમેશ લોડાયા**
કોઇમ્બતુર
B.Tech (C.S.E.) 80%


**રિધ્ધિ ચિત્તરંજન દંડ**
ખામગામ
F.Y.B.Com-67.16%

**યશ હરેશ ડાઘા** ભાયંદર B.Com - 74.3%

**લગ્ન સંબંધી**

**ગાંધીધામ સ્થિત કુંવારી કન્યા ઉંમર-૪૫, ઊંચાઇ-૫ ફીટ, ડબ્બલ ગ્રેજ્યુએટ (C.S) માટે યુવકના વડિલોએ સંપર્ક સાધવો.**
**Contact : 09320361942**

## આસાન પ્રશ્નો, અઘરા જવાબો

અમેરિકન લેખક ગ્રેગરી સ્ટોકે 'ધ બુક ઓફ ક્વેશ્ચન્સ' નામનું પુસ્તક લખ્યું છે. એ પુસ્તકમાં માત્ર પ્રશ્નો જ છે. એ પુસ્તક બેસ્ટ સેલર બન્યું હતું. એમાં જે સવાલો પૂછવામાં આવ્યા છે એ પહેલી નજરે સામાન્ય લાગે પણ એમાંના ઘણા સવાલોના જવાબ આપવાની કોશિશ કરીએ તો આપણે પોતાને વધુ ઓળખી શકીએ. ગ્રેગરી સ્ટોકના એ અનોખાં પુસ્તકમાં પૂછાયેલા કેટલાક સવાલો.

• એક વરસમાં તમે મૃત્યુ પામવાના છો એવી તમને ખબર પડે તો તમે અત્યારે જે રીતે જીવો છો એમાં કોઇ ફેરફાર કરો ?

• જીવનમાં શાને માટે તમે વધુમાં વધુ કોશિશ કરો છો ? સિદ્ધિ, સત્તા, સલામતી, પ્રેમ કે જ્ઞાન યા તો કોઇ બીજી જ વસ્તુ માટે ?

• બીજા કોઈની સામે તમે છેલ્લે ક્યારે રડેલા ? અને એકાંતમાં ક્યારે ?

• તમારી કેટલી દોસ્તીઓ દસ વર્ષથી વધુ ટકી છે ? અત્યારે તમારા જે મિત્રો છે એમાંથી કોણ કોણ આજથી દસ વર્ષ પછી પણ તમારે માટે મહત્ત્વના રહ્યા હશે ?

• તમારા જીવનની કઇ વાત માટે તમે વધુમાં વધુ આભારની (ઇશ્વર પ્રત્યે) લાગણી અનુભવો છો ?

• આવેશમાં આવીને તમે કોઇની સાથે ઝઘડામાં અથવા સામે બરાડા પાડ્યા હોય એવું છેલ્લે ક્યારે થયું હતું ? એવું શા માટે થયું હતું ? અને એ માટે પાછળથી પસ્તાવો થયો હતો ? તમારી ફરજ ન હોય અને છતાં તમે કોઇને માટે કશું કરો અને પછી એ માણસ તમારો આભાર ના માને તો તમને શું લાગણી થાય છે ?

• તમારા અવસાનની ચોક્કસ તારીખ જાણવાનું તમને મન થાય છે ?

• કંઇક કરવાનું તમારું બહુ જૂનું સપનું છે ? જો હોય તો અત્યાર સુધી તમે એ કેમ નથી કર્યું ?

• તમને સૌથી વધુ આદર કોના માટે છે ? એ માણસ પાસેથી તમને શું કરવાની પ્રેરણા મળે છે ?

• તમારા જીવનમાં સૌથી વધુ મહત્ત્વની વ્યક્તિ કોઇ છે ? તમારા મિત્રો તમારા વિષે ખરેખર શું ધારે છે એ નિખાલસ બનીને અને સાફ શબ્દોમાં કહેવા તેઓ તૈયાર થાય તો તમે એવું ઇચ્છશો કે મિત્રો તમને એ બધું કહે ?

• તમે જેનાથી છુટકારો નથી મેળવી શકતા એવી તમારો આદતો કઇ છે ? એ આદતથી છુટકારો મેળવવા તમે નિયમિત કોશિશ કરો છો ?

• તમારા જીવનની મોટામાં મોટી સિદ્ધિ કઇ છે ? હજી એના કરતાય પણ ચડિયાતું કંઇક છે ?

*સંકલન : લહેરી લોડાયા (મુલુન્ડ)*

## છેડા ગોત્ર પરિવાર

જખૌ ગામમાં ગરબી ચોકની બાજુના ડેલામાં બીરાજતા છેડા ગોત્રના માતાજી (અંબેમાં)ને નમતા ભાવિકોને જણાવવાનું કે, માતાજીને નમતા ભાવિકોને છેડાછેડી છોડવા હોય તેમણે (જશાપર સીવાયના) ભાવિકોએ નીચે આપેલા ફોન ઉપર સંપર્ક કરવા વિનંતી. જેથી માતાજીને નમતા ભાવિકોની યાદી તૈયાર કરી શકાય.

કચ્છ લખપત તાલુકાના સુભાષપર (પાનધ્રો) ગામથી ૩ કિ.મી. દુર મીંઢીયારી ગામમાં કાઠીપારા પીર (લોડ)ને જે પણ ભાવિકો નમતા હોય તેમણે પણ નીચેના ફોન પર સંપર્ક કરવા વિનંતી છે.

**: સંપર્ક :**

**ગુલાબચંદ હીરજી છેડા (સુરત)**
**ફોન : 0261-2332125 / 9998556567**

**શાંતિલાલ ખીંયશી છેડા (અમદાવાદ)**
**ફોન : 079-27680626 / 9687107910**

**મનીષ મણીલાલ છેડા (ડોંબિવલી)**
**મો : 09892181482**


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

# જન્મ શતાબ્દીએ વડીલોને માનવંદના (ભાગ ૩)

**ભાગ્યશાળી જ્ઞાતિજનો જેમની આ વર્ષે જન્મ શતાબ્દિ કે ૧૦૧ કે ૧૨૫મો જન્મવર્ષ છે.**

આ જ્ઞાતિજનો ૨૨/૨૩ વર્ષના હતા ત્યારે જ્યાં વસતા હતા તે સ્થળ કૌંસમાં દર્શાવેલ છે.

(ગતાંકથી ચાલુ....)

## નલીયા

| | વર્ષ |
|---|---|
| લક્ષ્મીબાઇ દેવણાંધ પુનશી છેડા (મુંબઇ) | ૧૦૦ |
| પદમશી હીરજી ટોકરશી છેડા (મુંબઇ) | ૧૦૦ |
| ધનજી પુનશી હંસરાજ છેડા (મુંબઇ) | ૧૦૦ |
| મોરારજી રતનશી મેઘરાજ છેડા (મુંબઇ) | ૧૦૦ |
| કાનજી પાશ્વીર રાઘવજી મોતા (ધુલીયા) | ૧૦૦ |
| ધનજી દેવજી અરજણ મોતા (મુંબઇ) | ૧૦૦ |
| પદમશી ઘેલાભાઇ ભોજરાજ મોતા (નલીયા) | ૧૦૦ |
| સોનબાઇ પદમશી માણેકજી મોતા (ઘાટકોપર) | ૧૦૧ |
| નરસી ખીમજી કુંવરજી મોમાયા (નલીયા) | ૧૦૦ |
| ઝમકુબાઇ હંસરાજ કુંવરજી મોમાયા (નલીયા) | ૧૦૦ |
| ભચીબાઇ ભવાનજી કુંવરજી મોમાયા (નલીયા) | ૧૦૦ |
| જીવરાજ હીરજી વેલજી મોમાયા (નલીયા) | ૧૦૦ |
| ચાંપસી વીરધોર ખીમજી મોમાયા (નલીયા) | ૧૦૦ |
| હીરબાઇ નેણશી નરશી લાલકા (બારસી) | ૧૦૦ |
| નારાણજી નરશી પદમશી લાલકા (બારસી) | ૧૦૦ |
| કુંવરજી વસનજી ખીંયરાજ ધરમશી (નલીયા) | ૧૦૦ |
| વેજબાઇ દામજી જેતશી મૈશેરી (બાયઠ) | ૧૦૦ |
| કુંવરબાઇ મેઘજી નરશી લાપસીયા (નલીયા) | ૧૦૦ |
| મુરજી કેશવજી પત્રામલ લાપસીયા (કોઠારા) | ૧૦૦ |
| લીલબાઇ હંસરાજ ઓભાયા દંડ (નલીયા) | ૧૦૧ |

## નાગ્રેચા

| | |
|---|---|
| લક્ષ્મીબાઇ પદમશી દામજી મૈશેરી (બાયઠ) | ૧૦૦ |
| નરશી દામજી વીરમ મૈશેરી (નાગ્રેચા) | ૧૦૦ |

## પરજાઉ

| | |
|---|---|
| મેઘબાઇ જેઠાભાઇ હીરજી નાગડા (મુંબઇ) | ૧૦૦ |
| લક્ષ્મીચંદ પુંજાભાઇ વસાયા નાગડા (મુલુન્ડ) | ૧૦૦ |
| પદમશી જેઠાભાઇ રાઘવજી નાગડા (પરજાઉ) | ૧૦૦ |
| પદમશી ભીમશી વીરધોર લાલકા (હુબલી) | ૧૦૧ |
| ત્રીકમજી હરપાર કેશવજી લાલકા (પરજાઉ) | ૧૦૦ |

## બાયઠ

| | |
|---|---|
| પદમશી શીવજી કેશવજી પોલડીયા (બાયઠ) | ૧૦૦ |
| હંસરાજ ખીમજી પદમશી પોલડીયા (બાયઠ) | ૧૨૫ |
| આણંદજી લાલજી કેશવજી દંડ (મુંબઇ) | ૧૦૦ |
| માણેકજી રતનશી ઉકેડા લોડાયા (બોધવડ) | ૧૦૦ |
| માણેકજી રામજી ઉકેડા લોડાયા (મુંબઇ) | ૧૦૦ |
| મેઘબાઇ કેશવજી જેઠાભાઇ લોડાયા (મુંબઇ) | ૧૦૦ |
| હંસરાજ ગોવિંદજી દેવજી કુરૂવા (ડીગ્રસ) | ૧૦૦ |
| ધનજી લધાભાઇ લાડણ નાગડા (જાલના) | ૧૨૫ |
| સોનબાઇ દામજી ઘેલાભાઇ બોરીચા (બાયઠ) | ૧૦૦ |
| નેણબાઇ લાલજી લખમશી ખોના (મુંબઇ) | ૧૦૧ |
| પદમશી માંયાભાઇ માણેકજી ધુલ્લા (બાયઠ) | ૧૦૦ |

## બાંઢીયા

| | |
|---|---|
| ખેતશી નરશી પુનશી લોડાયા (બાંઢીયા) | ૧૦૦ |
| રાયશી શામજી ભીંયશી લોડાયા (બાંઢીયા) | ૧૦૦ |
| જેઠાભાઇ અરજણ જેઠાભાઇ લોડાયા (અગાસ) | ૧૦૧ |
| કુંવરજી માલશી લખમશી લાલકા (ગદગ) | ૧૦૧ |
| ગોરબાઇ દેવજી મણશી લાલકા (સુથરી) | ૧૨૫ |
| રાયશી શામજી દેરૂ મૈશેરી (બાંઢીયા) | ૧૦૦ |
| રતનબાઇ વસનજી કેશવજી ધુલ્લા (બાંઢીયા) | ૧૦૦ |
| વેલજી હીરજી મુલજી ધુલ્લા (બાંઢીયા) | ૧૦૦ |

## બારોઇ

| | |
|---|---|
| લક્ષ્મીબાઇ રૂપશી ગાંગજી ગોસર (બારોઇ) | ૧૦૦ |
| મુલજી રામજી ગોવિંદજી ગોસર (બારોઇ) | ૧૦૦ |
| ભવાનજી ચનાભાઇ મુલજી ગોસર (ક્રીષ્ના) | ૧૦૦ |
| રતનબાઇ નરશી કાનજી મોમાયા (બારોઇ) | ૧૦૦ |
| મેઘજી કાનજી ગોવિંદજી મોમાયા (બારોઇ) | ૧૦૦ |
| વસનજી સોજપાર લધાભાઇ ગુટખા (લુણી) | ૧૦૦ |
| લીલબાઇ વેલજી જેતશી નાગડા (ગોએરસમા) | ૧૨૫ |

## બેરાજા

| | |
|---|---|
| કેશરબાઇ રાયશી આણંદજી પોલડીયા (મુંબઇ) | ૧૦૧ |

## ભરૂડીયા

| | |
|---|---|
| રાયચંદ મુલજી કચરાભાઇ દંડ (કોચીન) | ૧૦૧ |
| વેજબાઇ મુલચંદ ઘેલાભાઇ દંડ (કોચીન) | ૧૦૦ |
| દેવાંબાઇ ખીમજી લધાભાઇ દંડ (મુંબઇ) | ૧૦૧ |
| જેતશી દામજી માણેકજી દંડ (મુંબઇ) | ૧૦૧ |
| વેજબાઇ શામજી જીવરાજ દંડ (મુંબઇ) | ૧૦૧ |
| વેરશી પદમશી ખીમજી દંડ (મુંબઇ) | ૧૦૦ |
| નેણશી નરશી ખીમજી દંડ (મુંબઇ) | ૧૦૦ |
| ચાંપબાઇ મુલજી મેઘજી દંડ (ચાલીસગામ) | ૧૦૧ |
| ખેતબાઇ માલશી ભીમશી દંડ (મુંબઇ) | ૧૦૧ |
| કુંવરજી શિવજી જેઠાભાઇ દંડ (મુંબઇ) | ૧૦૦ |
| પુનશી ગોવિંદજી નેણશી ધુલ્લા (મુંબઇ) | ૧૦૧ |
| વીરપાર રૂપશી નેણસી ધુલ્લા (ભરૂડીયા) | ૧૦૦ |

દામજી હંસરાજ રતનશી ધુલ્લા (મુંબઇ) ૧૦૦
વેજબાઇ કલ્યાણજી નરશી ધરમશી (મુંબઇ) ૧૦૦
મણીબાઇ જીવરાજ ગોવિંદજી ધરમશી (કોચીન) ૧૦૦

## ગોધરા

મેઘજી હંસરાજ હીરજી કુરૂવા (મુંબઇ) ૧૦૦

## છાડુરા

લક્ષ્મીબાઇ દામજી રતનશી ધરમશી (નલીયા) ૧૦૦
લીલબાઇ રતનશી હરપાલ ધરમશી (ચોપડા) ૧૦૦
સોનબાઇ લાલજી લધાભાઇ ખોના (નાંદેડ) ૧૦૧

## મંજલ

શામજી ચાંપશી વરસંગ દંડ (મુંબઇ) ૧૦૧
મુરજી આશારીયા દેવશી દંડ (મુંબઇ) ૧૦૦
રાજબાઇ કલ્યાણજી નથુભાઇ ધરમશી (મુંબઇ) ૧૦૧
જીવરાજ લાલજી રામૈયા ધરમશી (ખંડવા) ૧૦૧
હીમાબાઇ ઠાકરશી ગોવિંદજી ધરમશી (મુંબઇ) ૧૦૦
ઉમરશી દેવજી કાનજી લોડાયા (મુંબઇ) ૧૦૧
ધનજી કેશવજી કાનજી લોડાયા (મંજલ) ૧૦૦
ઝમકુબાઇ રતનશી કુંવરજી ગાલા (ઘાટકોપર) ૧૦૧
જીવરાજ નરશી દેવજી ખોના (મુંબઇ) ૧૦૦

## માંડવી

કલ્યાણજી કુંવરજી ખીંયશી મૈશેરી (માંડવી) ૧૦૦
મીઠાબાઇ ખીમજી માણેકજી મૈશેરી (માંડવી) ૧૦૦
કલ્યાણજી હંસરાજ માયાભાઇ મૈશેરી (માંડવી) ૧૦૦

## રવા

મુલજી ઉમરશી સોજપાલ લોડાયા (મુંબઇ) ૧૦૧

## રંગપુર

કેશવજી ધરમશી રતનશી નાગડા (રંગપુર) ૧૦૧
મેઘબાઇ માલશી જીવરાજ નાગડા (મુંબઇ) ૧૦૧
જીવાંબાઇ કરમશી જીવરાજ નાગડા (રંગપુર) ૧૦૦
ગંગાબાઇ શામજી નરશી નાગડા (રંગપુર) ૧૦૦
પ્રેમાબાઇ નેણશી મેઘજી ધરમશી (ખાવડીમોટી) ૧૦૦
ગોમાબાઇ ડાયાલાલ હીરજી ધરમશી (રંગપુર) ૧૦૧
મુરબાઇ ગાંગજી ગોવિંદજી ધરમશી (રંગપુર) ૧૦૦
વસનજી કાનજી રૂપશી ખોના (મુંબઇ) ૧૦૦
ચાંપશી જીવરાજ શામજી ખોના (મુંબઇ) ૧૦૦
શીવજી કરમશી દેવશી ખોના (રંગપુર) ૧૦૦
ચાંપશી વેરશી કરમણ વોરા (રંગપુર) ૧૦૧

## રાણપુર

હીરબાઇ જેઠાભાઇ શામજી વિકમશી (સોનગઢ) ૧૦૦
આશારીયા દેવણાંધ શામત વીકમશી (લાલા) ૧૦૧
હેમરાજ નાગશી હરપાલ મોમાયા (રાણપુર) ૧૦૧
લાલજી શામજી હેમરાજ મોમાયા (મુંબઇ) ૧૦૦

## રાપર

વેલબાઇ શામજી કરમશી મોતા (રાપર) ૧૦૦
કુંવરબાઇ શામજી કુરપાલ લોડાયા (મુંબઇ) ૧૦૦
દેકાંબાઇ માડણ વસાયા લોડાયા (રાપર) ૧૦૧
રાજબાઇ ગોવિંદજી વસાયા લોડાયા (રાપર) ૧૦૧
વેલજી ટોકરશી ભાણજી લોડાયા (મુંબઇ) ૧૦૧
ગંગાબાઇ ટોકરશી માણેકજી મૈશેરી (મુંબઇ) ૧૦૦
ઉમરશી પુનશી લખમશી મૈશેરી (મુંબઇ) ૧૦૦
વસનજી લખમશી વેલજી નાગડા (રાપર) ૧૦૦

## રાયધણજર

લખમશી કુંવરજી ભાણજી લુઠીયા (મુંબઇ) ૧૦૧
ખેતશી ભોજરાજ ભાણજી લુઠીયા (મુંબઇ) ૧૦૦
ચાંપશી ખીંયશી ભાણજી લુઠીયા (કોચીન) ૧૦૧

## લાખણીયા

લીલબાઇ લાલજી ખીમજી મોતા (વરાડીયા) ૧૦૦

## લાલા

સોનબાઇ શામજી આણંદજી દંડ (નાંદગામ) ૧૦૧
નરશી કાનજી સોજપાર દંડ (હરસુદ) ૧૦૧
ધનજી મુલજી નથુભાઇ દંડ (મુંબઇ) ૧૦૧
રતનશી વસનજી વીરધોર દંડ (હુબલી) ૧૦૦
મુલજી ટોકરશી રાજપાલ દંડ (હુબલી) ૧૦૦
રતનશી ડોસાભાઇ રાજપાલ દંડ (હુબલી) ૧૦૦
ભવાનજી દેવશી જેઠાભાઇ મૈશેરી (લાલા) ૧૦૧
મુરબાઇ પાશ્વીર રતનશી મૈશેરી (મુંબઇ) ૧૦૧
મુલજી રતનશી માડણ મૈશેરી (મુંબઇ) ૧૦૧
ધનજી લીલાધર વેલજી નાગડા (મુંબઇ) ૧૦૦
હીરજી ભીંયશી કાંયાભાઇ લાલકા (મુંબઇ) ૧૦૦
નેણબાઇ રતનશી ખીંયશી લાલકા (લાલા) ૧૦૦
મેઘબાઇ માડણ આણંદજી મોતા (મુંબઇ) ૧૦૦
પુરબાઇ ઠાકરશી મણશી મોતા (લાલા) ૧૦૧

ક્રમશઃ

નોંધ : જન્મ શતાબ્દિએ વડીલોને માનવંદના નામાવલીમાં ગતાંકમાં પાના નં.૧૩ની મેટર શરતચુકથી ફરીથી છપાઇ છે. હવે પાના નં.૧૨ના અનુસંધાનમાં તે આગળ વાંચવી.

## કાવ્ય-પ્રકાશ : પ્રભુ સ્મરણ

આજ કાલમાં વીતી જશે આ જીંદગી
તું તો સ્મરણ કરી લે પ્રભુનું નામ
શું લઇ ને આવ્યો છે ને શું લઇ જવાનું છે ?
અહીંનું છે તે અહીંજ રહેવાનું છે
કોણ આવશે તારી સાથે, એકલા જવાનું છે.
કોની રાહ જોવાની છે, ફક્ત પ્રભુ નામ રટવું છે
મારૂં મારૂં કરતો નહીં, કોઇ તારું નથી.
આ મોહમાયા સંકેલી પ્રભુનું ધ્યાન ધરતો જા
શું થશે કોને ખબર, ક્યારે થશે કોને ખબર,
જ્યારે થશે આ જીવનનો અંત નજીક હશે.
માટે જ કહ્યું છે પ્રભુનું નામ સ્મરણ કરી લે.

**- જયંત મેઘજી લોડાયા** (આકોલા)

### નાતીલા નેક ભુલી વ્યા

નાતીલા નેક ભુલી વ્યા, નેક છડેં નાત
હકડા વડા વાંઢા, બ્યા પેંણયા પરનાત
નાતીલા ભલેં ! કદાચ નેક, જ વોંય કદર કરીંધલ નેક
ગાલ ગાલમેં બધલેં વિચાર, તેં જા કેડા હોય આચાર ?
વડા વડા ગાલીયું કરીએં, નતા કરીએં નાત કમ કે
કાંતિ ચેતો હન નાત મેં, કીં થીંધા સપ સંઘ મેં ?

**- કાંતિલાલ કાનજી લાલકા** (આદીપુર)

## સ્મરણાંજલિ



જન્મ
તા.૧.૬.૧૯૩૩

અરીહંતશરણ
તા.૧૧.૮.૨૦૦૯

**સ્વ. માતુશ્રી ગંગાબાઇ રામજી લોડાયા** (સાંધવ)

*વીત્યા વર્ષ ચાર, તોય તાજી આપની સ્મૃતિ*
*હસમુખ ચહેરાની યાદ, પ્રેરશે સત્કર્મોની સંગતિ*

**શોકાતુર**

| | |
|---|---|
| પુત્ર | : સ્વ. રતિલાલ રામજી લોડાયા (શ્રવણગિરી) |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. કલા દિનેશ રામજી લોડાયા |
| દિકરી-જમાઇ | : અ.સૌ. સરલા રામજી ખોના (સાંધવ) |
| પૌત્ર-પૌત્રવધુ | : અ.સૌ. અલ્પા ચેતન લોડાયા |
| પૌત્રી-જમાઇ | : અ.સૌ. પલ્લવી ધીરેન ખોના (નલીયા) અ.સૌ. કવિતા પુનમચંદ દંડ (વરાડીયા) |
| પરપૌત્ર-પૌત્રી | : ગૌરવ, દર્શના |
| પરદોહિત્ર-દોહિત્રી | : ભવ્ય, ગૌતમ ધીરેન ખોના જીનલ પુનમચંદ દંડ |

।। શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ।।

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

**તા.૭.૮.૧૩**

**સર્વે નલિયાવાસી તથા નલિયા ગામના વાડા છાદુરા, રામપર, સુખપર, વડસરના ભાઇઓ અને બહેનો...**

મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા.૭.૯.૧૩ના રાતના ૯ વાગે** નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરાશે.

**૧.** ગત મીનીટસનું વાંચન અને બહાલી
**૨.** મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ
**૩.** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી.
**૪.** શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ તરફથી નૂતન ઉપાશ્રય સુપરત કરવા બાબત આવેલ પત્ર, તથા અન્ય આવેલ પત્રોનું વાંચન અને ચર્ચા-વિચારણા
**૫.** પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઇ રજુ થાય તે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા-ટ્રસ્ટીગણ**

।। જીવદયા પરમો ધર્મ ।।

## શ્રી નલિયા પાંજરાપોળ ગોશાલા ચરીટેબલ ટ્રસ્ટ

### વાર્ષિક સામાન્ય સભા

**તા.૭.૮.૧૩**

સર્વે નલિયાવાસીઓ અને તેના ગામના વાડાના ભાઇઓ અને બહેનો

પાંજરાપોળ ટ્રસ્ટની વાર્ષિક સામાન્યસભા **શનિવારના તા.૭.૯.૧૩** રાતના ૮.૧૫ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી રહેશે.

**કાર્યસુચિ**

**૧.** ગત બેઠકનું વાંચન અને બહાલી આપવી.
**૨.** પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
**૩.** વર્ષ ૨૦૧૩-૨૦૧૩ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી.
**૪.** આવેલ પત્રોનું વાંચન
**૫.** પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઇ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**નલિયા પાંજરાપોળ ગૌશાલા ચેરીટેબલ ટ્રસ્ટવતી ટ્રસ્ટીગણ**

મુલુંડનું એકમાત્ર ★★★★★ સર્વિસ આપતું એન્ટરટેનમેન્ટ ગ્રુપ

# વિસામો ગ્રુપ પરિવાર–મુલુંડ

વિSAMO GROUP PARIWAR - MULUND

## ૧૦મા વર્ષમાં મંગળ પ્રવેશ

## ધાંધલ ધમાલભરી જીંદગીમાં જરૂરી છે આત્મિયતા વચ્ચે થોડો 'વિસામો'

## વર્ષ ૨૦૧૩ નું પ્રથમ પ્રોગ્રામ.... ગુજરાતી નાટક....




શનિવાર તા. ૨૪-૮-૨૦૧૩ ● રાત્રે ૯.૦૦ કલાકે ● મહાકવિ કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ

## ★★★★★ વિસામો ગ્રુપની વિશિષ્ટતાઓ ★★★★★

**WE GIVE ONLY QUALITY PROGRAMS**

વર્ષ દરમ્યાન 12 પ્રોગ્રામ અને 3 જમણવાર.

અંદાજીત 1 પિકનીક, 6 નાટક, 3 પિકચર, 2 ઑરકેસ્ટ્રા.

લગભગ શનિવાર અને રવિવારના પ્રોગ્રામનું આયોજન કરતું એકમાત્ર ગ્રુપ.

વર્ષ 2013 ની મેમ્બરશીપ આવકાર્ય

PRATAP Excellency A-AHAR-KA-ANAND™ | Compositors DESIGNERS & PRINTERS | Bubble gum TOURS & TRAVELS | ARIHANT Cars | insurancekhoj.com™ the ultimate stop for insurance™

| | | |
|---|---|---|
| લહેરચંદ દામજી મૈશેરી (L.D.) | દિપક હિરાચંદ મોમાયા | લીતીન મણીલાલ મોમાયા |
| 98 92 45 03 58 | 93 23 64 83 98 | 98 69 20 61 08 |
| રાજેશ ડુંગરશી હેફા | મહેશ હંસરાજ દંડ | શરદ સોમચંદ લોડાયા |
| 98 92 46 45 55 | 93 23 90 07 39 | 98 21 31 46 51 |

LD Master • C/o. Shop No. 3, Om Sainath Surendra Niwas,
• R. H. B. Road, Mulund (West) • **Tel. : 3292 4082**

Compositors - 9821441890

## ૫૦ મી પૂણ્યતીથીએ સમાજના વીરલાને સ્મરણાંજલી



**ગામ દલતુંગી**
**હાલ ઘાટકોપર**

**જન્મ : વર્ષ ૧૯૨૦**
**દેહવિલય : ૨૬/૭/૧૯૬૩**

# પૂજ્ય વડીલશ્રી દામજી લખમશી માલદે

**''મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે**
**મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે.''**

પંચમહાભૂતમાંથી પ્રગટેલ પ્રત્યેક જીવ કુદરતના કાળક્રમે પ્રાપ્ત આવરદા ભોગવ્યા પછી બુઝાઇ જતો હોય છે પરંતુ અમૂક વીરલા જીવ એવા હોય છે કે જેમની જ્યોતી સદાય ઝળહળતી રહે છે... તેમના કાર્યો થકી, તેમના ભાવ અને સ્વભાવ થકી! આવો જીવ પોતાનું જીવન તો ઉજ્જવળ કરે જ છે પણ સાથોસાથ સમસ્ત પરિવાર, જ્ઞાતિ તથા સમાજને પણ રોશન કરે છે.

**સ્વ. શ્રી દામજી લખમશી માલદેનું આયુષ્ય ભલે માત્ર ૪૪ વર્ષનું રહ્યું** પરંતુ અલ્પ જીવનકાળમાં તેઓ સમાજોપયોગી કાર્યો થકી આજે પણ જીવંત છે. જેમ એક ધૂપસળી સ્વયં બળીને સુવાસ પ્રસરાવે છે તેમ દામજીભાઇએ સમાજમાં સૌજન્યની સુવાસ પ્રસરાવી હતી. અંગત સ્વાર્થમાં ન રાચતા તેમણે પોતાના જ્ઞાતિ બાંધવોના ભલા માટે, ઉત્કર્ષ માટે પોતાની સમગ્ર શક્તિનો ઉપયોગ કર્યો. **આજે તેમના દેહ વિલયને પાંચ દાયકા જેટલો સમય પસાર થઇ ગયાં છતાં પણ તેઓ સમાજ બાંધવોના હૃદયમાં જીવંત છે.**

ભારતની આઝાદી પહેલાંનો એ સમય હતો કે જ્યારે સમાજ અનેક રીતે પછાત હતો. એક તરફ જનસામાન્યમાં ઓછું ભણતર, શિક્ષણનો અપૂરતો પ્રચાર - પ્રસાર અને આર્થિક તથા સામાજિક રીતે જ્ઞાતિના પરિવારો બેહાલ હતા, આ સમયમાં અંધશ્રદ્ધામાં પીલાતા લોકો પાસે કોઇ સ્પષ્ટ ધ્યેય કે સાચો રાહ દેખાડનાર નેતૃત્વ ન હોતું, જે તેમણે પૂરું પાડ્યું. એ અરસામાં હાલાર (જામનગર) ના દલતુંગી ગામના આ દીર્ઘદ્રષ્ટિ ધરાવતા દામજીભાઇએ સખત પરિશ્રમ કરીને માત્ર પોતાના પરિવારનો વિચાર ન કરતા સમસ્ત સમાજના વિકાસ કાજે પોતાની કૂનેહ અને નિષ્ઠાથી કામ કરીને એક સાચા સમાજસેવક તરીકે પંકાયા.

ફક્ત છ ધોરણ સુધી ભણેલા દામજીભાઇએ રોજી રોટી મેળવવા મુંબઇની વાટ પકડી. મુંબઇમાં રોજી રળવામાં જે સંઘર્ષ કરવો પડતો હતો તે હસતામુખે કરીને ખંત અને ખુમારીથી પરિશ્રમ કરતા કરતા એમણે પોતાને જે સહેવું પડ્યું એ અન્ય જ્ઞાતિ બાંધવોને ન સહેવું પડે એ હેતુથી દલતુંગીમાં વસતા બાળકોને યોગ્ય શિક્ષણ મળી શકે એ માટે પ્રયાસો આદર્યાં. એ સમયે ખુબજ ઓછું મહેનતાણું મળતું હોવાથી ગામમાં કોઇ

શિક્ષક આવવા તૈયાર ન હોતાં એટલે એક સમય એવો આવ્યો કે ગામની શાળા બંધ થઇ ગઇ. આ બાબતથી ચિંતીત મુંબઇમાં વસતા યુવાનો એ સને ૧૯૪૩ માં **શ્રી દલતુંગી વિદ્યોત્તેજક મંડળ**ની સ્થાપના કરી, દામજીભાઇ સક્રીય રીતે આ મંડળ સાથે જોડાયા અને આગળ જતાં તેઓ આ સંસ્થામાં **ખજાનચી** અને **માનદ્ મંત્રી**ના પદ સુધી પહોંચ્યા.

આ મંડળે સમયાંતરે દુષ્કાળ રાહત, ઘાસચારો, પાણીની પરબ, પંખીને ચણ, વૈધકીય સારવાર જેવી સમાજોપયોગી પ્રવૃત્તીઓ પણ કરી અને અનેક સેવાભાવી કાર્યો કર્યો. આગવી સૂઝ અને નિયમિતતાથી દામજીભાઇએ સંસ્થાનો વિકાસ સાધ્યો. સન ૧૯૪૩ માં શાળા માટે જમીન સંપાદિત કરીને મકાનનું બાંધકામ શરૂ કર્યું. ત્યારબાદ ૧૯૪૪ માં મુંબઇ છોડીને વતન પાછા ફર્યા. પરગજુ સ્વભાવને કારણે તેમનો મોટા ભાગનો સમય ગામજનોના નાનામોટા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં જ વિતવા લાગ્યો. પોતાના આદર્શોને સાર્થક કરવા તેમણે સમાજસેવાને જ મહત્વ આપ્યું. આ સંજોગોમાં મોટા ભાઇ ફક્ત સમાજસેવાનાજ કાર્યમાં ધ્યાન આપી શકે એ માટે એમને આર્થિક જવાબદારીથી મુક્ત કરવા માટે વ્યવસાયની તમામ જવાબદારી નાનાભાઇ હિરજીભાઇએ પોતાના શિરે લઇ લીધી.

એ સમય પટેલશાહીનો હતો, એક હથ્થુ સત્તાનો મદ તે સમયના વહિવટ કર્તાઓનો હતો જે તોડવાનો યશ દામજીભાઇને પ્રાપ્ત થયો. શ્રી દામજીભાઇની લડત અને પ્રયત્નોને લીધેજ **પટેલશાહીનો અંત આવ્યો** અને **લોકશાહીના** સિધ્ધાંત મુજબ કામ કરતું **હાલાર સમસ્ત મહાજન અસ્તિત્વમાં** આવ્યું. ગામસભાઓમાં જ્યારે પણ નિર્ણયો લેવામાં મુશ્કેલી પડતી ત્યારે કોઇની પણ શેહશરમ રાખ્યાં વગર પોતાનો તટસ્થ અભિપ્રાય આપતા કે જે સહુને માન્ય રહેતો. તેઓ સમજાવટથી અઘરા પ્રશ્નોને સુલઝાવી દેવામાં કુનેહનો ઉપયોગ કરતા. સામાજિક દૂષણોને દૂર કરવામાં પણ એમણે સક્રિય ભાગ ભજવ્યો હતો. એ સમયમાં પ્રચલિત કન્યા વિક્રયની બદીને દૂર કરવા માટે એમણે ઝૂંબેશ ઉપાડી હતી. વળી વિધવા પુનર્લગ્નના સુધારાવાદી વિચારને પણ એમણે ટેકો આપ્યો. આંતરજ્ઞાતીય લગ્ન, છૂટાછેડા જેવા જટિલ પ્રશ્નોને કુનેહપૂર્વક ઉકેલવા એ તેમને માટે સહજવાત હતી. દેશ સ્વતંત્ર બન્યો એ પછી તેઓ પૂર્ણપણે સમાજસેવામાં પ્રવૃત્ત થઇ ગયાં હતાં. તેમની લોકચાહની એવી હતી કે તા. ૧૫ મી મે, ૧૯૫૮ ની **ગ્રામ પંચાયતની ચુંટણીમાં તેઓ સર્વાનુમતે ચુંટાઇ આવ્યા અને સરપંચ તરીકે નીમાયા**. સરપંચ થતા જ આ વિસ્તારના કેળવણી, ખેતી વિષયક, સામાજીક પ્રશ્નો તેઓએ ઉપાડી લીધા અને યોગ્ય જગ્યાએ રજૂઆત કરવા મંડ્યા.

દલતુંગી ગ્રામ પંચાયતનું મકાન, લાલપુર - ખંભાલીયા રોડની સરકારમાં રજૂઆત અને તેની માપણીનું કાર્ય, ગામમાં વીજળી મળે તે માટે ગુજરાત રાજ્ય વિદ્યુત બોર્ડમાં રજૂઆત, ગામમાં સાર્વજનિક દવાખાનાની સ્થાપના વિગેરે અનેક કાર્યો કર્યા. દલતુંગી વિસ્તારમાં ફુલઝર નદી પર **ફૂલજર-૨ બંધ(ડેમ) બંધાયો તેના પાયામાં દામજીભાઇની જહેમત રહેલી છે**. આ બંધના નિર્માણ થકી આજુબાજુના ગામોમાં સિંચાઇની સગવડો થાય અને કુવામાં પણ પાણી વધે એવી તેમની ધારદાર રજુઆત ફળસ્વરૂપે આ વિસ્તારને ડેમની ભેટ મળી. આ ઉપરાંત સહકારી મંડળીની સ્થાપના થવાથી લોકોને સસ્તા દરે અનાજ-ખાંડ-કેરોસિનનું વિતરણ થઇ શકે તથા ખેડુતોને સરળ ધિરાણ મળે અને તેઓ શાહુકારોની ચુંગાલમાંથી મુક્ત થઇ શકે એ માટે પણ ખૂબ પ્રયત્નો કરીને આજુબાજુના ગામડાઓને એક કર્યા અને સમયાંતરે અનેક ગામડાઓમાં આવી સહકારી મંડળીઓની રચના થઇ. આઝાદી પછી રાજકારણ ક્ષેત્રે સક્રિય હોવાને કારણે તેમણે ગામવાસીઓના લાભાર્થે પ્રસ્તાવિત યોજનાઓને કાર્યાન્વિત બને એ માટે ખૂબ જહેમત ઉઠાવી અને એનો લાભ ગામવાસીઓને મળ્યો. **એમણે ગુજરાત રાજ્ય વિદ્યુત બોર્ડના સભ્ય તરીકે પણ સેવા આપેલ.**

પ્રખર કોંગ્રેસી હોઇ તેઓ મોવડી મંડળમાં સારૂં માન ધરાવતા હતાં. આગામી તાલુકા પંચાયતની ચૂંટણી વખતે મોવડી મંડળે એમના ઉપર પસંદગી ઉતારી હતી. તાલુકા કક્ષાએ ખૂબ જ માન ધરાવતા હોવાથી, **જો દામજીભાઇએ તાલુકા પંચાયતના પ્રમુખની ઉમેદવારી નોંધાવે તો કોઇએ ઉમેદવારી ન નોંધાવવી એવું નક્કી થયું જે એમની લોકપ્રિયતા સાબિત કરે છે. તેઓને ગુજરાત વિધાનસભામાં કાલાવડ મત વિસ્તાર માટે કોંગ્રેસ તરફથી ઉમેદ્‌વારી પત્રક મળેલ. પરંતુ તેઓના અકાળ અવસાનને કારણે તેઓ ઉમેદ્‌વારી કરી ન શક્યા.**

એમની ફરજ પ્રત્યેની નિષ્ઠા માટે ફક્ત એકજ ઉદાહરણ કાફી છે. પોતાનો મોટો પુત્ર મૂલચંદ ગંભીર બિમારીને કારણે હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યો હતો, એજ વખતે જામનગરમાં જીલ્લા પંચાયતની અગત્યની સભા હતી જેમાં ગામના અગત્યના પ્રશ્નો રજૂ કરવાના હતા તે વખતે તેઓએ કાળજુ કઠણ કરીને પ્રજાધર્મને પ્રાધાન્ય આપ્યું. પંચાયતની સભામાં હાજર રહીને પ્રજાના પ્રશ્નો અસરકારક રીતે રજૂ કર્યા અને ચાલુ સભામાંજ **પુત્રના અવસાનના સમાચાર આવ્યા હોવા છતાં તેઓ જે કાર્ય કરવા આવેલ હતાં તે પુરૂ કર્યા બાદ જ ત્યાંથી રવાના થયા.**

શ્રી દામજીભાઇનો જન્મ સન ૧૯૨૦ માં થયો હતો. તેમના લગ્ન ભરૂડિયાના શા. હંસરાજ રતનશી ધુલ્લાની સુપુત્રી સોનબાઇ સાથે થયા હતાં. ર૬ મી જુલાઇ, ૧૯૬૩ ના દિવસે પત્ની તેમજ ચાર પુત્રી અને બે પુત્રોના બહોળા પરિવારને નોંધારા મુકી તેમણે આ ફાની દુનિયામાંથી વિદાઇ લિધી. પત્ની સોનબાઇએ તો સર્વસ્વ ગુમાયું. પરંતુ અભણ હોવા છતા પોતાની કોઠાસૂઝ થકી કુદરતના આ ઘાનો મકમતાથી સામનો કર્યો અને પરિવારના અન્ય સ્વજનના સથવારે પતિએ આદરેલા સમાજસેવાના કાર્યો જાળવી રાખ્યા. તેમણે રોપેલા સંસ્કારના બીજ થકી આજે પણ તેમના પુત્રો - પુત્રીઓ અને તેમના સંતાનો પણ સમાજસેવાના અનેક કાર્ય કરી તેમણે આપેલો સમાજસેવાનો વારસો જાળવી રહ્યા છે.

સમાજ કાજે જાત ઘસી નાંખીને જ્ઞાતિને ઉજાળનાર સ્વજન કે જે આજથી પચાસ વર્ષ પહેલાં સ્વ.જન થઇ ગયાં એવા **મહામાનવ શ્રી દામજીભાઇ આજે પણ જીવંત છે આપણા હૃદયમાં... તેઓને સો સો સલામ...** એમને ભાવાંજલી આપતા માત્ર એટલું જ કહેવાનું મન થાય છે,

**આપ જીવંત હતા દેહસ્વરૂપે...**

**આપ જીવંત છો ભાવસ્વરૂપે...**

**આપ જીવંત રહેશો આત્મસ્વરૂપે...**

શાસન – સમાજ માટેની સમર્પિત ભાવના એ આપના દ્વારા પ્રાપ્ત થયેલ અમૂલ્ય વારસો.
એ વારસાને પ્રજ્વલિત રાખવા શકિતમાન બની રહીએ એજ કૃપાળુ દેવને પ્રાર્થના.

લિ.
શા. લખમશી દેવશી માલદે સમસ્ત પરિવાર (દલતુંગી)
શા. હંસરાજ રતનશી ધુલ્લા સમસ્ત પરિવાર (સેવક ભરૂડીયા)

| | |
|---|---|
| હિરજી લખમશી માલદે પરિવાર | રતનબાઇ વિશનજી ખોના પરિવાર (રંગપુર) |
| ડાહ્યાલાલ લખમશી માલદે પરિવાર | પાનબાઇ લક્ષ્મીચંદ દૌલત પરિવાર (સેવક ભરૂડીયા) |
| મણિલાલ લખમશી માલદે પરિવાર | બાચાંબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર (મોટી ખાવડી) |
| પુનશી લખમશી માલદે પરિવાર | શાંતાબાઇ પાસુભાઇ લોડાયા પરિવાર (મોટી ખાવડી) |
| રસિકલાલ દામજી માલદે પરિવાર | રૂપશી જીવરાજ લોડાયા પરિવાર (ગોરખડી) |
| વનરાજ દામજી માલદે પરિવાર | વિરચંદ પદમશી દંડ પરિવાર (સેવક ભરૂડીયા) |
| મહેન્દ્ર મેઘજી માલદે પરિવાર | પ્રવીણ જેઠાલાલ લાપસિયા પરિવાર (પ્રમુખ-દલતુંગી) |

માહિતી સૌજન્ય : રમેશ મુલજી લોડાયા (મુલુંડ - સેવક ભરૂડીયા)



પાંચમી પુણ્યતિથીએ
વ્હાલી માવડીને
ભાવભીની
શબ્દાંજલી

જન્મ
તા. ૧૧.૧૧.૪૩

દેવશરણ
તા. ૧૨.૮.૦૮

**અ.સૌ. તારાબેન નવીનચંદ્ર છેડા.**

(ગામ : વારાપધર) (હાલ : ભાંડુપ)

માતૃવંદના

ના એ પડછાયો ......

સમય આવ્યે છોડે છે સાથ પડછાયો,
પણ હૈયે વસેલી આપ તણી એ યાદ,
ના બને કદીયે પડછાયો.

દિવસ દરમ્યાન થાતો લાંબો – ટૂંકો પડછાયો,
પણ દિલમાં વસેલી યાદોની છાપ,
ના બને કદીયે પડછાયો.

સૂર્યપ્રકાશને આધિન રહયો આ પડછાયો,
પણ અંતરે રહેલા સ્મરણોનો સાથ,
ના બને એમ આધિન; જેમ પડછાયો.

પડછાયાની ચાદર, એ તો ખોટી માયા-જાળ,
પણ મા 'તારા' વાત્સલ્યનો ભાવ,
એ તો અમૃતની રસધાર; નાએ પડછાયોં.

પડછાયો પડે પછીનો છાંયો કેટલીવાર ?
પણ તારા પ્રેમનો મીઠો છાંયો,
એ તો અંતર તણો વિસામો; ના એ પડછાયો.

આંખોમાં વસતી, હૈયે વધતી, રગરગમા વહેતી,
સમુદ્રમાં લહેરો સમ લહેરાતી, 'વર્ષા' બની વરસતી,
એવી અનુભૂતિ અનરાધાર; ના એ પડછાંયો.

શોકાતુર

પુત્રવધુ – પુત્ર : સૌ. વર્ષા જયેશ છેડા,
સૌ. દેવિકા વિજય છેડા.

પૌત્ર – પૌત્રી : જય, ચાર્વિ.


## લીસેસ્ટરમાંનું જૈન દેવસ્થાન

ગઇ સદીના પૂર્વાર્ધ સુધી માત્ર ખ્રિસ્તી દેવળ અને મસ્જિદની ઇમારત વિશ્વવ્યાપી બની રહ્યાં હતાં. બૌદ્ધધર્મ અને હિન્દુધર્મનાં દેવસ્થાન ઇસવીસનની પ્રથમ સહસ્ત્રાબ્દી દરમિયાન એશિયાના કેટલાક ભૂભાગમાં નિર્માણ પામ્યાં હોવાની ઇતિહાસી ઘટના છે પણ એશિયાખંડને ઓળંગીને વિશ્વસ્તરે તો હિન્દુદેવસ્થાનનાં નિર્માણ એ તો હમણાંની ઘટના છે. સમકાલીન ઇતિહાસ છે.

પરન્તુ મહાવીરધર્મના મંદિરનું વિશ્વ નકશે વિદ્યમાન હોવું એ ઘટના સ્વયં ધ્યાનાર્હ ગણાય. લંડનના લીસેસ્ટરમાં બે દાયકા પૂર્વે એક વિશાળ જૈનમંદિર અસ્તિત્વમાં આવ્યું હતું. ધ્યાનયોગ્ય ઘટના એ છે કે, ગિરજાઘરનું રૂપાંતર કરીને જૈનદેવસ્થાન નિર્માણાધીન થયેલું. ભારતની બહાર વિદેશમાં ઑક્સફર્ડ માર્ગ ઉપર આ સહુથી વિશાળ જૈનમંદિર છે. આ મંદિર સંકુલમાં શ્વેતાંબર અને દિગંબર પંથનાં દેવસ્થાન ઉપરાંત સ્થાનકવાસી ઉપાશ્રય, ગુરુમંદિર, સંગ્રહાલય, ગ્રંથાલય પણ સમાવિષ્ટ છે. આ સાથે ધર્મસંબંધિત પ્રાવૃત્તિક પ્રક્રિયા માટેની સુવિધા પણ મોજુદ છે. ૧૯૮૮માં ગુજરાતી અને રાજસ્થાની જૈનસમુદાયના સહયોગથી આ સ્થાનક અસ્તિત્વમાં આવ્યું હતું. લીસેસ્ટરના નગરસેવક એન્ડી કૉનોલીના મત મુજબ જૈનધર્મ અને એના સ્થાપત્યને સમજવા સારુ આ રસપ્રદ સ્થળ છે. ૨૫મી ઑગસ્ટથી એની ૨૦મી પટોત્સવી ઉજવણી શરૂ થઇ હતી અને વિશ્વના સહુ ધર્મસંપ્રદાય પંથના અનુયાયીઓ આ ભવ્ય અને ભપકાદાર સ્થાપત્યથી દિગ્મૂઢ થયાં હતાં.

આ મંદિરમાં ૪૪ સ્તંભ, ૧૩ કમાન અને ઘુમ્મટ ઉપરાંત જૈન પરંપરાની કોતરણી ધ્યાનાકર્ષક છે. બ્રિટનના પૂર્વ વડાપ્રધાન જોહ્ન મેજરે આ મંદિરની મુલાકાત લીધી હતી. આરસપહાણથી સુશોભિત ભોંયતળિયું, કાચ મઢેલી દીવાલો અને ગુપ્ત વીજપ્રકાશથી ઝળહળતા આ જૈનમંદિરના ગર્ભગૃહના દરવાજા પણ જૈન પરંપરાને અભિવ્યક્ત કરે છે. આશરે અઢી લાખથી વધુ માનવકલાક આ મંદિર નિર્માણમાં ઉપયોગાયા હતા. ભારતમાં પણ છેલ્લા છ દાયકા દરમિયાન આવું સુંદર કોતરણીથી ભરપૂર સ્થળ નિર્માણ પામ્યું નથી. આ સ્થાનક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. જેસલમેરના પીળા પાષાણથી આ મંદિર વધુ શોભે છે. વિદેશમાં જૈનધર્મનું આ એક માત્ર તીર્થસ્થાન છે.

***('કુમાર' માંથી સાભાર)***



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૫)
**- સોમ ધરમશી** (કચ્છ)-09825372464

**કૉક નજરું કમાન મિંજા તીર તાણી છડીએં**
**''તેજ'' અંધરમેં ઉતરીને હીયું હણી છડીએં**

**શબ્દાર્થ :** નજરું - નજર, આંખ, કમાન-ધનુષ્ય, હીયું-હૈયુ, મન.

**ભાવાર્થ :** ઉપરની પંક્તિ વાંચતા જ ઘણાં બધા કવિઓની નજર એટલે કે આંખ ઉપરની રચનાઓ આંખની સમક્ષ તરવરવા લાગે જેમાં શ્રી અમૃત ઘાયલની રચના જે હૃદયને ઘાયલ કરી જાય છે.

કસુંબલ, આંખડીના એક કસબની વાત શી કરવી!
કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી.

અસલ સોરઠી ભાષાથી ઓપતા આ શેરમાં તળપદા પ્રયોગો દ્વારા, પ્રિયાની આંખની કાતિલતાને કલાત્મક રૂપ આપી. મીનાકારી કરી લીધાનો આરોપ મૂકવા કરતાં એને શિરપાવ આપવાનું કવિને યોગ્ય લાગ્યું છે.

ઉપરની પંક્તિમાં પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે કવિશ્રી તેજ શૃંગારરસમાં ક્યાં ઉતરી ગયા? આંખો, કમાન અને તીરની વાત છેડી. હૈયાને પછી પ્રેમીનો હોય કે પ્રેમિકાનો, વીંધવાની વાત ક્યાં કરી બેઠા. પણ કવિ તેજની કવિતામાં ગહરો મરમ છુપાયેલો હોય છે અને તે સમજવા એ પંક્તિને વારંવાર મનમાં મમળાવી પડે છે.

કવિશ્રીએ બધી નજરોની વાત નથી કરી પણ ''કૉક'' નજરની વાત કરી છે તેથી એ નજર ચમત્કારીક કે અદભૂત, અલૌકિક હોવી જરૂરી છે. કમાન ઉપર ચડાવેલ તીર ધાર્યું નિશાન પ્રાપ્ત નથી કરતું પણ કસાયેલ ધનુર્ધારી હોય અને કમાનની પણછ સરખી રીતે ખેંચાયેલી હોય તો જ ધાર્યું નિશાન પ્રાપ્ત થાય છે. કવિ અહીં સંત, મહાત્મા કે પ્રભુ-ઇશ્વરની સૌદર્ય અને સંવદેનાથી ભરેલ આંખોની વાત કરે છે, જે ચમત્કાર સર્જી શકે છે. આવી આંખોનાં પ્રેમભર્યા બાણ જેમને ઘાયલ કરે છે તે અંદર ઉતરી હૈયાને વીંધી નાખે છે. આવા બાણથી ઘાયલ થવા માટે પણ શ્રધ્ધા અને નશીબ જોઇએ. અહીં શ્રી ઘનો ભગતની કેટલીક પંક્તિઓ યાદ આવે.

*રામબાણ વાગ્યાં હોય તે જાણે*
*ઓલ્યા મુરખ મનમાં શું આણે ?*
*ધ્રુવને વાગ્યાં, પ્રહલાદને વાગ્યાં, ઠરી બેઠા ઠેકાણે,*
*ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં,*
*એ તો વેદ વચન પરમાણે ભાઇ*
*રામનાં બાણ વાગ્યાં હોય તે જાણે.*


**શિયાડ-દંડ પરિવારનું ગૌરવ**

**હાર્દિક અભિનંદન**



દલતુંગી ડોંબિવલી

**CA ચિંતન શરદ જૈન (શિયાડ)**

પરિશ્રમની પુંજી વાપરી, સફળતાની હાંસિલ કરી છે સિધ્ધિ,
ઉત્તરોતર જીવનમાં આ જ રીતે પ્રાપ્ત કરો પ્રસિદ્ધિ,
મા-બાપનું નામ કરી સાર્થક ઉચું કરી દીધું છે માન
મારા વ્હાલા ભાઇ ચિંતન, તું જ પરિવારની છે શાન....
**-નિખિલ**

**શુભાશિષ**

દાદાણાં : **સ્વ. ધનબાઇ વેરશી શિયાડ**
નાનાણાં : **સ્વ. નવલબેન જેઠાલાલ દંડ**
માતા-પિતા : **નયના શરદ શિયાડ**

**વિષેશ શુભાશિષ**
**સ્વ. લક્ષ્મીબેન ઉમરશી નાગડા**

**આયુર્વેદિક સારવાર - ૧૦૦% ટકા ફાયદો**

કોઇપણ કેન્સર, મધુપ્રમેહ, સંધીવા, માનસીક તાણ, મગજના રોગો, અશક્તિ, મોટાપો, થાયરોડ, હોર્મોન્સ, યાદશક્તિ, બાળકોના રોગો, આંખના રોગો, પ્રેગનન્સીના પ્રશ્નો, માસિકની સમસ્યા કે અન્ય તમામ રોગોની શુધ્ધ આયુર્વેદિક સારવાર માટે મળો.

**સંપર્ક : સમય ૯ થી ૧૨-બપોરે ૩ થી ૫**
મિત્તલ હોસ્પિટલ, નેતાજી સુભાષ રોડ,
ચર્નીરોડ (વે), માછલી ઘરની બાજુમાં, મુંબઇ.
**ફોન : 22812468/09825850820**

પહેલા કેસપેપરના રૂા.૧૦/- તથા આઠ દિવસ દવાના રૂા.૬૦/- ચાર્જ છે. જરૂર પડે હોસ્પીટલમાં ભાઇ-બહેનોને સારવાર અર્થે પણ રખાય છે.

જનહિતાર્થે પ્રકાશિત

**શા. મહેન્દ્ર માલશી લોડાયા (મોટી ખાવડી)**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon - MH. 424101.

## Interesting Anecdotes

Indian sub-continent was partitioned in 1947. There was mass migration of people from one country to another across the border. A youth named Sham along with his parents left his home in Punjab and came over to Delhi. They were lodged in a refugee camp in old Delhi. Those were hard old days. Sham's father tried to get a job and after some effort, got employed as an assistant in a grocery shop. His mother and sister stitched clothes to earn a few rupees. Sham had passed his high school in his native village. He resolved to take up a job and help his old parents in their hour of trial.

He also wanted to pursue his studies and become at least a graduate.

One evening he went to a park. Location a bench under a jamun tree, he took his seat and listened to the tuneful song of a canary. How care free could it have been if he could have been a bird, thought Sham.

"May I sit, young man ? 'Sham's thoughts were jolted. It was an elderly gentleman near his bench with a charming face on his wrinkled face.

He sat next to Sham and began to introduce himself. "I am C.L. Chopra, a retired post master. I am glad to meet you, son. Sham told him about himself and also about his efforts to find a job, may be a small one to start with. Chopra replied encouragingly, 'I am happy to know that. I suggest you should join postal services. You go tomorrow and call upon Mr. Tyagi in GPO. Tyagi is my friend. He will surely help you. You may get a job on an ad hoc basis'

They talked about partition and their experiences in their environs. As the sun set, they left for their homes. Sham entered the imposing building of the GPO next morning and mentioned the name of Mr. chopra. 'Are you prepared to work as a post man ?' he asked smilingly. 'Sure sir, I'll be obliged,'. Sham blurted out. He joined his duties and commenced his task diligently. He got admission in an evening college. During the day, he went from house to house and distributes letters and parcels and attended classes in the evening. He passed his B.A. and he was now promoted as a clerk. Now he was receiving a higher salary. He joined M.A. Classes. He was very sincere in his job and very hardworking as a student. In two years he passed his M.A. He also passed two departmental examinations and went up the ladder of promotions in the postal department. On the basis of good result in M.A. he could have landed a good lecturer's job easily but he was loyal to his department. He stuck to Posts and Telegraphs Department till his retired from his post after 33 years as the superintended of postal offices of North Zone.

### *Proverbs are lamps to life*

If happiness was sold some would have been unhappy about the cost.

Thoughts have the power to develop or destroy you.

You are as young as your faith, as young as your confidence, as old as your despair.

### *Amazing Facts*

The spinal cord is the principal nerve in our body.

Goa, the state of India has derived its name from the Sanskrit word Gowapura meaning cowherd country.

Ilium, ischium and pubis bones join together completely to from the hip bone in the human body.

### *Amazing Figures*

The stainless steel gateway arch in Saint Louis Missouri (U.S.A.) is the tallest monument in the world. It was completed at a cost of $29,000,000 on October 28, 1965 to commerate the expansion of Whites in 1803. It is a sweeping arch of 630 feet and raises to height of 630 feet. It was designed by Euro Saarinen.

Cables Thinner than human hair designed to carry some 10,000 telephone messages at the same time were invented in Britain in 1964. Britain telecom laid the first optical fibre cable in 1986 linking Britain to Belgium.

### *Think about it*

Iron is strong but fire melts it. Fire is strong but water quenches it. Water is strong but clouds evaporate it. Clouds are strong but wind drives them away. Man is strong but fear casts him down. Fear is strong but sleep overcomes it. Sleep is strong yet death is stronger. But loving kindness survives death.

### *By the bye*

I am a little thing with a great meaning. I help everyone. I unlock open doors, open hearts, banish prejudice, I create friendship and good will. I inspire respect and admiration. I violate no law. I cost nothing. Many have praised me, none have condemned me. I am pleasing to those of high and low degree. I am useful every moment. I am Courtesy.

## કાવ્ય-પ્રકાશ : સવાલ પુછે છે જિંદગી

‘પ્રાણ’ જીંદગીમાં ક્યારેક કેવો તારો રૂઆબ
જ્યારે તારી પાસે હતાં શક્તિ, ગતિ અને શબાબ
જેના ભરોસે તેં જોયા હતા મોટા મોટા ખ્વાબ
ફરતો હતો મગરૂર થઇને, જાણે મોટો નવાબ !
તને લાગતું હતું કે તું છે એક પ્રજ્વલિત આફતાબ
સિદ્ધિ અને પ્રસિદ્ધિ માટે જ્યારે તું હતો બેતાબ
હવે જ્યારે ઉતરી રહ્યો છે જુવાનીનો નકાબ
જીંદગી પૂછે છે સવાલ ને શરીર આપે છે જવાબ.

**(પ્રણ-પ્રતિજ્ઞા, વચન, શબાબ - યૌવન, જુવાની, આફતાબ - સુરજ)**

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (સુરત)**


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**


## ઝૂકી તો જવાયને ?

‘સ્વયં સ્વસ્થ બનો’ અભિયાન હેઠળ યોગ પ્રશિક્ષણ એવમ પ્રાકૃતિક જીવન-જાગૃતિ શિબિર’ ડૉ. ગીતાબેન જૈન તથા દીપકભાઇ જાની દ્વારા ૪ થી ૧૩ જુલાઇ ૧૩ સુધી ચાલી. મહિલા સમાજ- ધમતરીએ એનું આયોજન કરેલ. આ શિબિર પહેલીજવાર યોજાઇ હતી. એટલે મનમાં એની સફળતા વિશે થોડો ડર હતો પણ ડૉ. ગીતાબેન તથા દીપકભાઇની સાથે પહેલીજ મુલાકાતમાં જ એટલી આત્મીયતા તથા વિશ્વાસ બેસી ગયો અને અમારી આ પહેલી જ યોગ શિબિરનું આયોજન ઘણુંજ સફળ અને સુંદર રહ્યું. આ શિબિરમાં લગભગ ૧૫૦ શિબીરાર્થીઓએ ભાગ લીધો. એ સૌના હૃદયમાં ગીતાબેન પ્રત્યે આદરસ્થાન બન્યું.

ખાસ તો ગીતાબેન તથા દીપકભાઇને યોગ શિખવવા પ્રત્યેનો સમર્પણ ભાવ, શિબિરમાં પ્રત્યેક સાધક પર વ્યક્તિગત કાળજી, શાંતિથી તથા પ્રેમથી સમજાવવાની કળા તથા સામે એક એક વ્યક્તિની વાત તથા પ્રશ્ન સાંભળી એનો ઉકેલ લાવવો એ કળા કાબીલેદાદ હતી ધમતરીમાં જ્ઞાતિના બે જ પરિવાર છે. પણ અહીં ગીતાબેન તથા દીપકભાઇના સરળ અને મૃદુ સ્વભાવે સૌના હૃદય જીતી લીધા. ધમતરીવાસીઓને એમનો ખુબ માન થયું. પહેલીજ મુલાકાતમાં પારકાને પોતાના બનાવવાની એમની કળા માટે અમે સૌ નત-મસ્તક છીએ.

સૌને અમારી નમ્ર વિનંતી છે કે આપના શહેરમાં કે ગામમાં જરૂર એકવાર આ શિબિરનું આયોજન કરીને આ અભિયાનને આગળ વધારીએ. આપણીજ જ્ઞાતિની એક બહેન જે આ અભિયાનમાં તન, મન ધનથી સમર્પિત થઇને આ અભિયાન નિસ્વાર્થપણે ચલાવે છે. તો આપણી સૌની એક ફરજ છે કે આ અભિયાનમાં આપણે સૌ ભાગીદાર બનીએ.

**- રાજુલ શાહ (ધમતરી)**


**બાંધણી તો ઘણી જોઇ હશે,**
**પણ ‘પાલવ’ની બાંધણીની તો વાત જ અનોખી**

- તહેવારોને દિપાવવા **પાલવ** બાંધણીનો તદ્દન નવો સ્ટોક
- રંગબેરંગી ઝીણાબંધની બાંધણી
- ઝીણાબંધના ઘરચોળા • ડ્રેસ મટિરિયલ્સ
- બોર્ડર • ચણીયા ચોલી • ડિઝાઇનર હેન્ડમેડ ફુટવેર

**પાલવ :** શોપ નં. ૧, ‘ઓ’ વિંગ, વર્ધમાનનગર, ભક્તિમાર્ગ, મુલુન્ડ (વે), મુંબઇ-૮૦.
**ફોન : 25616842/25906287 (રવિવારે વિશ્રામ)**
E-mail : contact@palav.com www.palav.com

# મરમનો મલક : તપ ( ભાગ : ૭ )

છ બાહ્યતપ અને છ અભ્યંતરતપમાં ઉપવાસ શબ્દનો ઉપયોગ થયો નથી. મારી દૃષ્ટિએ છ બાહ્યતપ અને છ અભ્યંતર તપ મળીને ઉપવાસ ઘટિત થાય છે.

જેના દ્વારા કષાયનો અને પાંચેય ઈન્દ્રિયોના વિષયો રૂપી આહારનો ત્યાગ થાય છે એને ઉપવાસ કહેવાય છે. બીજું બધું (માત્ર આહારનો ત્યાગ) લાંઘણ છે.

આપણે ત્યાં કહેવાય છે કે તપ દ્વારા કર્મની નિર્જરા થાય છે. ઉપવાસ એ તપ છે. આપણે આગળ જોઈ ગયા કે કાઉસગ્ગ દ્વારા કર્મની નિર્જરા થાય છે તો ખરા અર્થમાં ઉપવાસ એટલે શું એ પ્રશ્ન ઊભો થવો સ્વાભાવિક છે. મારી દૃષ્ટિએ આ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છેઃ

### ઉપવાસીની દિનચર્યા

જો ઉપવાસીનું ધ્યેય કર્મનિર્જરા હોય તો મારી દૃષ્ટિએ ઉપવાસીની ઉપવાસના દિવસની દિનચર્યા નીચે મુજબની હોવી જોઈએ.

૧) ઉપવાસના દિવસે સાંસરિક, વ્યવહારિક અને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરવી નહીં.

૨) ઉપવાસના દિવસે શક્ય હોય એટલો વખત મૌન પાળવું.

૩) શરીરશુધ્ધી (સ્નાન) અને મુખશુધ્ધી કરવી.

૪) સાંદાં, સ્વચ્છ ઢીલાં વસ્ત્રો પહેરવા.

૫) પોતાની શારીરિક ક્ષમતા અને પોતાના શરીરની પ્રકૃતિને લક્ષમાં રાખી નિરાહારી રહેવું અથવા ફળનો ઉપયોગ કરવો. (ફળના ત્યાગનો અર્થ અનશનમાં અભિપ્રેત નથી) ફળનો ઉપયોગ કરતી વખતે ઉણોદરી, દ્રવ્યસંક્ષેપ અને રસપરિત્યાગનો ખ્યાલ કરવો જોઈએ. **(આહાર સંયમ)**

૬) શરીરને સ્વસ્થ રાખવા વ્યાયામ **(યોગાસન)** કરવો અથવા ચાલવાની કસરત કરવી **(કાયકલેશ)**

૭) ઉપરોક્ત પ્રવૃત્તિઓ ક્ર્યા પછીનો બાકીનો બચેલો બધો સમય આત્મજ્ઞાની ગુરુ પાસેથી શીખેલી પદ્ધતી દ્વારા ધ્યાનસાધનામાં ગાળવો, ધ્યાનસાધનામાં એટલી ગહનતા લાવવી કે પરિણામે કાઉસગ્ગ ઘટિત થાય અને કર્મનિર્જરા થઈ શકે. **(મનઃસંયમ)**

મારી દૃષ્ટિએ આ ઉત્તમ ઉપવાસ છે. ધારો કે ઉપવાસીની માનસિક સ્થિતી અને ક્ષમતા એટલી નથી કે જરૂરી શારીરિક ક્રિયાઓ ક્ર્યા પછીનો બાકીનો બચેલો બધો સમય ધ્યાન અને કાઉસગ્ગમાં વિતાવી શકે તો પછી ઉપવાસીએ ધ્યાન અને કાઉસગ્ગ ક્ર્યા પછીનો બાકીનો બચેલો બધો સમય સ્વાધ્યાયમાં ગાળવો જોઈએ.

ધારો કે ઉપવાસીની માનસિક સ્થિતી અને ક્ષમતા એટલી નથી કે ધ્યાન અને કાઉસગ્ગ ક્ર્યા પછીનો બાકીનો બચેલો બધો સમય સ્વાધ્યાયમાં ગાળી શકે તો ધ્યાન, કાઉસગ્ગ અને સ્વાધ્યાય ક્ર્યા પછીનો બાકીનો બચેલો બધો સમય ઉપવાસીએ વૈયાવચ્ચમાં ગાળવો જોઈએ. વૈયાવચ્ચ કરતી વખતે વર્તનમાં વિનય અને વાણી ઈષ્ટ અને મિષ્ટ હોવી જોઈએ.

ધારો કે ઉપવાસીની માનસિક સ્થિતી અને ક્ષમતા એટલી નથી અને સંજોગો પણ એવા નથી કે ધ્યાન, કાઉસગ્ગ, સ્વાધ્યાય ક્ર્યા પછીનો બચેલો બધો સમય વૈયાવચ્ચમાં ગાળી શકે તો ધ્યાન, કાઉસગ્ગ, સ્વાધ્યાય અને વૈયાવચ્ચ ક્ર્યા પછીનો બાકીનો બચેલો બધો સમય ઉપવાસીએ સંલીનતા અને પશ્ચાતાપમાં ગાળવો જોઈએ.

**ઉત્તમ ઉપવાસઃ** જરૂરી શારીરિક ક્રિયાઓ ક્ર્યા પછીનો સમય ધ્યાન અને કાઉસગ્ગમાં ગાળવો.

**મધ્યમ ઉપવાસઃ** જરૂરી શારીરિક ક્રિયાઓ ક્ર્યા પછી તો સમય ધ્યાન, કાઉસગ્ગ, સ્વાધ્યાય અને પશ્ચાતાપમાં ગાળવો.

**કનિષ્ઠ ઉપવાસ :** જરૂરી શારીરિક ક્રિયાઓ ક્ર્યા પછીનો સમય ધ્યાન કાઉસગ્ગ, સ્વાધ્યાય, પશ્ચાતાપ, વૈયાવચ્ચ અને સંલીનતામાં ગાળવો.

ભગવાન મહાવીરના અનુયાયીઓમાં ઘણા બધા રાજાઓ અને શ્રેષ્ઠીઓ હતા જેમનું જીવન ભોગવિલાસથી ભરપુર હતું. માટે જ મારી દૃષ્ટિએ છ પ્રકારના બાહ્યતપમાં ચાર પ્રકારનું બાહ્યતપ આહારસંયમ (અનશન, ઉણોદરી, રસત્યાગ અને દ્રવ્યસંયમ) સૂચવ્યું છે.

ઉપવાસ શબ્દનો શબ્દાર્થ પણ નજીક વાસ કરવો એવો થાય છે એટલે કે આત્માની નજીક વાસ કરવો (દેહભાવ તજી આત્મભાવમાં રહેવું એવો થાય છે.) આ સ્થિતી ધ્યાન અને કાયોત્સર્ગ દ્વારા જ શક્ય છે.

મારી દૃષ્ટિએ છ બાહ્યતપ અને છ અભ્યંતર તપનો (ઉપવાસ) અર્થ જો યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજીએ તો સમજાય છે કે કર્મનિર્જરા માટે પ્રાથમિક ભૂમિકાના સાધકોથી માંડી ઉચ્ચ ભૂમિકાના સાધકો માટે પણ એમાં પૂરેપૂરી રૂપરેખા છે. **– ક્રમશઃ**

**સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**

**સાર સંક્ષેપ – ચંદ્રસેન મોમાયા**

### માતાજીને અર્પણ

તા.૧૩.૨.૧૩ની ડાઘા કુટુંબની મોમાઇ માતાની પહેડીમાં જ્યોતિ વીરજી ડાઘા તરફથી ૨ નંગ ચાંદીની બંગડી (મોતી સહિત સોનાની પાલીસવાળી) મોમાઇ માતાને શણગાર તરીકે ચડાવવામાં આવેલ છે. તે અમે ડાઘા મંડળને અર્પણ કરેલ છે.

**– લી. જ્યોતિ વીરજી ડાઘા (દલતુંગી)**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સમસ્ત મહાજન અકસ્માતે મૃત્યુ વીમા યોજનામાં સમગ્ર જ્ઞાતિને આવરી લેશે

સમસ્ત જ્ઞાતિ મહાજન સમગ્ર જ્ઞાતિના સભ્યોને અકસ્માતે મૃત્યુ વીમા હેઠળ આવરી લેવા પ્રયત્નશીલ છે. જ્ઞાતિના નિષ્ણાંત વિમા યોજના એજન્ટસ અને સામાજિક કાર્યકરો સાથે વિચાર વિમર્શ કરી આ યોજનાને આખરી સ્વરૂપ આપશે. આ માટે સમગ્ર યોજનાના પ્રથમ પ્રિમીયમ માટે ટ્રસ્ટી શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર) એ ઉદારદિલે તૈયારી દર્શાવી છે. ૮માં જ્ઞાતિ વસતીપત્રકના ડેટાના આધારે સૌને આ યોજનામાં આવરી લેવાશે. અકસ્માતે થતા મૃત્યુના કેસમાં તે પરિવારને વીમા યોજનામાંથી રૂા.૨.૫૦ લાખનું લાભાંશ અપાશે.

## સૌ. અંજલિ જતીન લાપસીયા

'કચ્છશક્તિ' અને 'ચિત્રલેખા' સાપ્તાહિકના ઉપક્રમે હાલમાં યોજાયેલ જલ સાક્ષરતા નિબંધ સ્પર્ધામાં સૌ.અંજલિ જતીન લાપસીયા (સુથરી-જલગામ)ના નિબંધને આશ્વાસન રોકડ પારિતોષિક તથા પ્રમાણપત્ર મળેલ. તેમની કૃતિ કચ્છશક્તિ વિશેષાંકમાં છપાયેલ. હાર્દિક અભિનંદન.

## ક.દ.ઓ. મહિલામંચ-નાગપુર

મંચની સભા તા.૩ જુલાઇના સૌ.કાજલ ખુશાલ પોલડિયાના ઘરે ભરાઇ. સૌ. ફેનલ રિષી લોડાયા જે ડાયટીશીયન તરીકે કાર્યરત છે, તેમણે સૌ મહિલાઓને માર્ગદર્શન કર્યું. ક્યો ખોરાક ક્યા સમયે લેવો યોગ્ય છે, કઇ વસ્તુ કેટલા પ્રમાણમાં ખાવી અને કઇ વસ્તુમાંથી કેટલા વીટામીન્સ તથા ન્યુટ્રીશીયન મળે છે તે મુદ્દાઓ વિશે સમજ આપી.

સૌ. મધુ નિતીન મુનવરે "પત્તાની હાઉઝી" રમત રમાડી હતી. જેમાં પ્રથમ સૌ. મોહિની તરૂણ મૈશેરી અને દ્વિતીય સૌ. મીના મુકેશ મૈશેરી આવ્યા હતા. સૌ. ભાવિની દંડે આભારદર્શન કરેલ.

તા.૨૮ જૂનના મંચની સમિતિના ચાર સભ્યો મળીને મતિમંદ સ્કૂલમાં ક્રેયોન્સ તથા નોટબુક વિતરણ કર્યું.

## ઘાટકોપરમાં મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વી.સી. સંઘના સથવારે ૨૩.૮.૧૩ના સવારે ૧૦.૩૦થી ૩ દરમ્યાન અનંતછાયા, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ)માં હાડકાંની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રી અજય લોડાયા-૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા.૫૦, ત્યાં આવીને ભરવાના રહેશે.

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

મંડળના કાર્યાલયના નૂતનીકરણ બાદ નવસજ્જ કાર્યાલયમાં ૧૫.૮.૧૩ના સવારના ૧૦.૩૦ વાગે કાર્ય પ્રવૃતિ શુભારંભ દાતાઓના સહકારથી કરવામાં આવશે. સાંજના ૪ વાગે મંડળમાં શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવામાં આવશે. આ પ્રસંગે ડોંબિવલીના સર્વે જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ છે.

તા.૨૦/૨૧/૨૨ સપ્ટેમ્બરના ૧૭૫ જણાંનુ ગ્રુપ નાગેશ્વર તીર્થના તથા આજુબાજુની ચૈત્ય પરિપાટી માટે અંવતિકા એક્સપ્રેસ ટ્રેન દ્વારા યાત્રાએ જશે.

૨૮.૯.૧૩ માહુલી હોલમાં શ્રી મહાકાલી માતાજીની ભાવના તથા રવિવાર તા.૨૯.૯.૧૩ના સવારના ૧૦ વાગ્યાથી કડવા પાટીદાર સમાજ હોલમાં વાર્ષિક સ્નેહમિલનનું આયોજન છે આ બન્ને દિવસના કાર્યક્રમમાં સર્વેને પધારવા આમંત્રણ છે.

મંડળ દ્વારા પર્યુષણમાં ૨.૯ થી ૯.૯.૧૩સુધી ડોંબિવલી (વેસ્ટ)માં જ્ઞાનેશ્વર હોલમાં પ્રતિક્રમણ માટે વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જ્ઞાતિજનોને લાભ લેવા અપીલ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-યવતમાલ

૧૦.૭.૧૩ના અષાઢી બીજ "કચ્છી નવા વર્ષ" નિમિત્તે ભલારાદાદા તેમજ શ્રી ઘણીદાદાની સમુહ પહેડીનું આયોજન થયેલ. જેમાં યવતમાલ જિલ્લાના પુસદ-દિગ્રસ-વની તથા ધામણગામથી સારી સંખ્યામાં જ્ઞાતિજનો આવેલ. કાર્યક્રમ મે.ઉદય કૉટન ફાયબર પ્રા. લિ કું.માં રાખેલ. બપોરે ૪ વાગે મેળાવડા સાથે મિટિંગમાં અતિથિવિશેષ શ્રી લક્ષ્મીચંદ મુલજી દંડ (ખંડવા)થી સજોડે આવેલ તથા યવતમાલ મહાજનના પ્રમુખ શ્રી દિનેશ લક્ષ્મીચંદ લોડાયાએ સ્થાનગ્રહણ કરેલ. પ્રારંભે સૌ. અંજુબેન લહેરચંદ નાગડાએ નવકારમંત્ર ગાઇ કચ્છી ગીતથી શરૂઆત કરેલ. બધાએ પોતાના મંતવ્યો રાખેલ

તેમજ પરિચય આપેલ. ચા-નાસ્તા પછી મિટિંગ પુરી થયેલ. સાંજે બન્ને પહેડીનું આયોજન કરેલ તથા બધા પ્રસાદ લઇ છુટ્યા પડ્યા યવતમાલ જિલ્લાના સર્વે પરિવારોને મહાજનમાં જોડાવવા આમંત્રણ છે.

## શ્રી નલિયા તિર્થે ચાતુર્માસ આરાધના

તા.૧૯.૭.૧૩ના પૂ.મ.સા.ના પ્રવેશ પ્રસંગે આયંબિલ તથા તપ, તા.૨૧ તથા ૨૨.૭.૧૩ 'છઠ્ઠતપ'ની આરાધના કરવામાં આવેલ જેમાં ૪ તપસ્વીઓ થયેલ. જેમને સંઘ તરફથી રૂ.૨૦૦ની પ્રભાવના કરવામાં આવેલ. છઠ્ઠના તપસ્વીઓના અતરવાયણા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા તરફથી તેમજ પારણાં શ્રીમતી તારામતી લહેરચંદ નાગડા (ઘાટકોપર) તરફથી કરાવવામાં આવેલ. તા.૨૪.૭.૧૩ના સુત્ર-ચરિત્ર વહોરવવાનો ૬૦૧ મણમાં શ્રી ગોવિંદજી વેલજી છેડા હ. વનીતાબેન રાયચંદ નાગડાએ લાભ લીધેલ.

પાંચ જ્ઞાન પૂજન : મતિ જ્ઞાન - ૧૦૧ મણમાં શ્રી હીરજી દેવજી નાગડા પરિવાર, શ્રુતજ્ઞાન - ૮૧ મણમાં શ્રી કુંવરજી લાલજી ખોના, અવધિજ્ઞાન - ૯૧ મણમાં નરેન્દ્ર જીવરાજ મોમાયા, મન પર્યવ જ્ઞાન - ૧૦૧ મણમાં શ્રી સોમચંદ વેલજી મોતા, કેવળજ્ઞાન- ૧૨૧ મણમાં શ્રી ભવાનજી લખમશી દંડ (છાદુરા)એ લીધેલ. આયંબિલ તપના લાભાર્થી માતુશ્રી દેવકાબેન શીવજી લખમશી નાગડા (નલિયા-ઘાટકોપર) હતા.

૨૭.૭.૧૩થી શ્રી ચોવીસ તીર્થંકર કેવળજ્ઞાન કલ્યાણક તપના ચોવીસ દિવસ એકાસણા ચાલુ થયા.

૨૭.૭.૧૩ના એકાસણાના લાભાર્થી પુષ્પાબેન પદમશી નાગડા પરિવાર, ૨૮.૭.૧૩નાં એકાસણા શ્રી લીનેશ લહેરચંદ નાગડા પરિવાર (ઘાટકોપર)

૨૯.૭.૧૩નાં આયંબિલ તપ રમીલાબેન મનસુખલાલ મહેતા (મુંબઇ) તરફથી હતા.

૨૮.૭.૧૩ના બાળકોની શિબીર ૩ થી ૪માં રાખવામાં આવેલ. પૂ.સા.શ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા. આ.ઠા.ની નિશ્રામાં યોજાઇ.

## રાજકોટમાં ચાતુર્માસ પ્રવેશ

પૂ.સા. શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ચારનો ચાતુર્માસ પ્રવેશ રાજકોટ અચલગચ્છ જૈન સંઘને આંગણે થયો.

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશીર્વાદથી પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી દેવરક્ષિતાશ્રીજી મ.સા., ચૈતન્યરક્ષિતાશ્રીજી અને વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા-૪નો ચાતુર્માસ પ્રવેશ અનિરુદ્ધસિંહ જાડેજાના એક સ્વતંત્ર મકાન "ગાયત્રી પૂજા" રાજકોટમાં થયો.

પ્રવેશ પ્રસંગે વિલિન શેખ, અલ્પા એ. ગાલા, સાકીર-કુરેશી, હારૂન રમીદલીયા તથા પ્રકાશ વાગડીયા અને સાથી કલાકારોએ સંગીતરસ પીરસેલ.

પૂ. ગુરુદેવના ૩૬માં ચાતુર્માસ પ્રવેશ શોભાયાત્રાની શાનરૂપ ૩૬ કળશધારી બહેનો અને ૫૦થી અધિક સાફાથી સજ્જ શ્રાવકો વિશેષ આકર્ષણ હતું.

ગુરૂપૂજનનો લાભ શ્રી વસંતભાઇ કે. સાવલા (વાલકેશ્વર) લીધેલ. કામળી વહોરાવવાનો લાભ એક રઘુવંશી ગુરુભક્ત શ્રી લલીતભાઇ વસાણી (રાજકોટ)એ લીધેલ.

"ધર્મ સપ્તતિકા સુત્ર " અને "તરંગવતી" ચરિત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ ધરમશી (સેવક ભરૂડીયા-વડાલા)એ લીધેલ.

ચાતુર્માસ પ્રવેશની આમંત્રણપત્રિકાનો લાભ પૂજ્યશ્રીના પરિવારજનો માતુશ્રી દીવાળીબેન ભવાનજી ગાલા (નાના આસંબીયા-પુના)એ લીધેલ.

સવારની નવકારશી અને બપોરની સાધર્મિક ભક્તિ ગુરુભક્ત માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (ભરૂડીયા-મુલુન્ડ) તરફથી હતી. શ્રીફળ પ્રભાવના શ્રી દીલીપ હરીલાલ શાહ (સુરેન્દ્રનગર) તરફથી હતી.

આ અવસરે અગ્રણીઓ અને આમંત્રિતોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી ચાતુર્માસની શુભેચ્છા આપી.

આ અવસરનું સંપૂર્ણ આયોજન શ્રી અચલગચ્છ જૈન સંઘ રાજકોટ તરફથી હતું.

## યુ.પી.એસ.સી.માં જૈન વિદ્યાર્થીઓ

'જીતો' મારફતે કુલ ૧૪૭ વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સીની પ્રિલી. પરીક્ષામાં બેઠેલા જેમાંથી ૭૩


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

જણા સફળ ઉત્તીર્ણ થયા છે. દિલ્હીના ૬૦, પુનાથી ૭, ચેન્નઇ ૩, જયપુર ૩, જૈનોએ ગૌરવ લેવા જેવું છે.

## રાયચુર

અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષ નિમિત્તે આરાધક મંડળ તરફથી અષ્ટાપદ મહાતીર્થની ભાવયાત્રા કરાવવામાં આવેલ.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, હમ્પી તીર્થના યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજી (ભદ્રમુની)એ પ્રત્યક્ષ અષ્ટાપદના દર્શન કર્યા, તેમના સ્તવનોના આધારે મંડળના પ્રમુખ શ્રીમતી પુષ્પાબાઇ સ્વયંશક્તીએ બહુતરે જિનાલય ભાવયાત્રાનું લખાણ કર્યું છે. જેને શ્રીમતી ધનલક્ષ્મીબેન મોમાયાએ હારમોનીયમ તથા ખીલવંતી હંસ લોડાયાએ સ્તવન ગાઇને રજુઆત કરી. ઢોલ સાથી કોકીલાબેન ગીરીશ લાપસીયા હતા. ત્યાંના સર્વે ભાઇ-બહેનોએ ભાવયાત્રાનો લાભ લીધો. ગુરુ ગૌતમસ્વામીએ ખીરથી પારણું કરાવ્યું હતું તેને અનુસરી બધાને ખીર અને અન્ય પદાર્થોથી મહેમાનોને ચોવીહાર કરાવ્યું. બધી વાનગીઓ મંડળના સભ્યો એજ બનાવેલ. શ્રીમદ્ દેવચંદ્રજી મ.સા. લિખિત ચોવીસ જિનના સ્તવનો જે મુખપાઠ કરી આવશે તેમને રૂા. અઢી હજારનાં ઇનામની ઘોષણા થયેલ. પાંચ વહુવારીઓ એ સ્તવનથી ચૈત્યવંદન વિધિ કરાવે તો રૂા.૧૫૧ ઇનામ અપાશે. ત્યારબાદ સૌ. ટીરીના ગીરીશ લાપસીયા તથા રૂપલબેન દામજી મોમાયાએ કચ્છ વિષયક પ્રશ્નો પૂછીને નાની ગેમ રમાડી બધાયને આનંદિત કર્યા.

## નવી મુંબઇમાં શિખરબધ્ધ જિનાલયનો શિલાન્યાસ

પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના સૂરિપદ રજતવર્ષ અને તેઓની પાવન પ્રેરણાથી પૂ. દાદા કલ્યાણસાગરસુરિ જૈન ધાર્મિક જ્ઞાનસત્ર-૧ બાળ શિબિરના લાભાર્થી શ્રી ભુપેન્દ્રભાઇ મુલજી દંડ (લાખણીયા)ના જન્મ સુવર્ણ વર્ષે માતુશ્રી કસ્તુરીબેન મલજી દંડ પરિવારના મુખ્ય સહયોગથી નવી મુંબઇ પામબીચ રોડ મધ્યે ભૂમિરાજ કોસ્ટરિકામાં શામરણ શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કાર્ય થશે.

દેવ ગુરૂની કૃપાએ, પુજ્યશ્રીઓની નિશ્રામાં ૨૬.૭.૧૩ના સવારે શુભ મુહુર્તે સકલ સંઘની હાજરીમાં તેની ખનન મુહુર્ત વિધિ થઇ હતી. તા.૨.૮.૧૩ સવારે શુભ મુહુર્તે સકલ સંઘની હાજરીમાં શિલાન્યાસ થયો. શિલાન્યાસ પ્રસંગે શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇના પ્રમુખશ્રી નયનભાઇ ભેદા, પારસભાઇ મૈશેરી, ચેતનભાઇ મોતા, કુમારભાઇ દંડ, શ્રી નવીમુંબઇ અચલગચ્છ જૈન સંઘ પ્રમુખ શરદભાઇ મારુ, જયેશભાઇ વોરા, વિલાસભાઇ કારાણી આદિ સર્વ સભ્યો શ્રી ક.દ.ઓ. મંડળ-નવીમુંબઇના સર્વે સભ્યો તથા શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘના અધિકારીઓ સર્વશ્રી કાંતિભાઇ ગડા, દેવચંદભાઇ ગડા, કીર્તિભાઇ હરિયા, મનિષભાઇ ગાલા આદિ સહિત અનેક સંઘો, મહાજનો, ગુરુભક્તો પ્રેમી-સ્નેહી સ્વજનો, મિત્રોની અનુમોદનીય હાજરી રહી. ખનન મુહુર્ત તથા શિલાન્યાસ મુહુર્ત વિધિ શ્રી કેવલભાઇ સાવલાએ કરાવેલ. હર્ષભાઇ દેઢિયા (ઘાટકોપર)વાળાએ વિધિ વિધાન કરાવ્યા હતા. કુમારપાળ મહારાજા ૫૦ વર્ષે જૈન ધર્મ પ્રાપ્ત કર્યો હતો તેમ ભુપેન્દ્રભાઇએ પોતાના સુવર્ણ જન્મ વર્ષ નૂતન જિનાલય નિર્માણના મનોરથને આરંભીને ઉજવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઉમંગ-આનંદે ધામધુમથી થયેલ. ખૂબ ભવ્યતાથી શિલાન્યાસ થયો. શિલાન્યાસ વિધિ થયા બાદ સૌ સભામાં પરિવર્તન થયાં.

પૂ.પાદ્ આચાર્યશ્રીએ બૃહદ માંગલિક-શાંતિ સંભળાવેલ. જિનાલયનું સંચાલન વ્યક્તિગત ન રહે અને સંઘ સંચાલિત થાય એવી પ્રેરણા આપી ત્યારે ભુપેન્દ્રભાઇએ સકલ સંઘો-મહાજનોને અપીલ કરી ત્યારે શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇએ આ તક અવસરને ઝડપી લઇ આ જિનાલયના ભાવિ સંચાલનની જવાબદારી સ્વીકારવાની જાહેરાત કરેલ.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇએ સૂરિપદ રજત વર્ષ પ્રસંગે ગુરુપૂજન કરી આશીર્વાદ લીધા. શ્રી ભુપેન્દ્રભાઇના ૫૦મા વર્ષની વધાઇ રૂપે શ્રી ભુપેન્દ્રભાઇ દંડને વિરાટ કલાત્મક પુષ્પગુચ્છ અર્પી ભવ્ય બહુમાન કરેલ. શ્રી નવી મુંબઇ અચલગચ્છ જૈન સંઘ, શ્રી ક.દ.ઓ. મંડળ નવી મુંબઇ, શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ મુંબઇ દ્વારા આ સુકૃત અનુમોદનાર્થે અને જન્મ દિવસ નિમિત્તે તેમનું બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિ રખાયેલ.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## Aryaman R. Vikamsey's Achievements at Scindia School Gwalior



Grandson of Hemlataben & Vasantbhai Vikamsey. (Orbitz) Dadar-Jakhau, & Son of Benaifer & Rupen Vikamsey, Aryaman is 12 years old, studying at The Scindia School Gwalior. Over the past 1 year, he has achieved many certificates & Positions in this institution

4 International certificates in German

has represented the Junior school at test Round Square Conference in Jaipur at The Gaytatri Devi School,

has been appointed the Prefect of his House, has been appointed Head of English Department of Junior School,

has been appointed Head of Round Square Conference of Junior School,

Member of Management committee of The Scindia School.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ ખામગામ-શેગાંવ

અષાઢી બીજના શેગાવના મંદિરમાં ચાલી રહેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં મહિલા મંચની બહેનોએ સજાવેલા બેડાં લઇને શોભાયાત્રામાં સહભાગી થયેલ.

તા.૨૮.૭.૧૩ના મહિલામંચની મીટીંગ લેવામાં આવી હતી જેમાં પ્રમુખ સૌ. વર્ષાબેન લોડાયાએ મલકાપુરની મીટીંગનો અહેવાલ આપ્યો. તેમ જ ચાતુર્માસ બીરાજીત પૂ. પરાગધર્માશ્રીજી મ.સા.એ. ''ચાર ભાવના'' દાન-શીલ-તપ- સંયમ વિષે સુંદર સમજણ આપેલ. તેમજ પર્યુષણ પહેલા દેરાસરની સાફસફાઇ (શુદ્ધીકરણ) માટે સભ્યોને સમયપત્રક આપી જવાબદારી અપાઇ.

## સમસ્ત મહાજન ટ્રસ્ટબોર્ડની બેઠક

સમસ્ત જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટબોર્ડની બેઠક ૨૫.૮.૧૩ના બપોરે ૩.૩૦ વાગે મુલુન્ડ કાર્યાલયમાં યોજાઇ છે. જેમાં ચતુર્થ જ્ઞાતિ સંમેલન આયોજન અંગે વિચારણા થશે. જે માટે છતીશગઢ ક.દ.ઓ. સંઘની રાયપુર માટેની ઓફર આવેલી છે. આગામી વર્ષના અચલગચ્છીય તિથી-તારીખવાર કેલેન્ડર માટે આયોજન ઘડાશે.

## શ્રી ભરત ખીમજી મોમાયા લાયન્સ ક્લબ-હુબલીના પ્રેસીડન્ટ ચુંટાયા



લાયન્સ ક્લબ ઓફ હુબલી તરફથી ૨૬.૬.૧૩ના કર્નાટક ચેમ્બર ઓફ કોમર્સના હોલમાં વર્ષ ૨૦૧૩-૧૪ના નવા પદાધિકારીઓની શપથવિધિ સમારંભમાં અતિથીવિશેષ પદે Installing Officer MJF Lion Harsh Desai (Past District Governor & Guest of Honour MJF Lion Gururaj Bahadur (Districst Governor Dist. 317 અને અન્ય આઠ Past istrict Governors of Dist. 317 હાજર રહ્યા હતા. આ પ્રસંગે શ્રી ભરત ખીમજી મોમાયા (સાંયરા) ક્લબના પ્રમુખસ્થાને નિયુક્ત થતાં સૌએ અભિનંદન આપ્યા.



આ પ્રસંગે સૌ. ભારતીબેન ભરત મોમાયા પણ ક્લબની મહિલાપાંખનું પ્રમુખપદ સંભાળ્યું. આ પ્રસંગે જ્ઞાતિના અને અન્ય સમાજના અગ્રણીઓ, હેતુ-સંતોષીઓ, મિત્રો તેમજ સ્નેહી સ્વજનો સહુએ હાજરી આપી, હોદ્દેદારોને શુભેચ્છા આપી હતી. લાયન્સ ક્લબ ઓફ હુબલી તેના ૫૩ વર્ષમાં પ્રવેશ કરતાં કર્નાટકની સૌથી જુની ક્લબનું માન મેળવેલ છે અને અનેક સામાજીક કાર્યક્રમોનું સફળ આયોજન કરેલ છે.

શ્રી ભરતભાઇ ૧૯૯૬માં ક્લબમાં જોડાયા ત્યારથી દિન પ્રતિદિન પોતાની સેવા આપતા ક્લબની વિવિધ કમિટીના ચેરમેન, ડાયરેક્ટર, ખજાનચી, સેક્રેટરી અને ઉપપ્રમુખના પદો શોભાવ્યા હતા. પ્રમુખ સ્થાન મેળવતી વખતે જનેતા માતુશ્રી ઝવેરીબાઇ તેમજ મોટાભાઇ પ્રવિણભાઇને પાયવંદન કરી આર્શીવાદ મેળવી પદગ્રહણ ર્ક્યું હતું.

તેઓશ્રી ઇન્ટરનેશનલ રેડ ક્રોસ સોસાયટીના આજીવન સભ્ય છે. છેલ્લા ચાર વર્ષથી હુબલી મહાજનશ્રીના વહિવટદાર તરીકે સેવા આપી રહ્યા છે. અન્ય સામાજીક સંસ્થાઓમાં પણ સક્રિય કાર્યકર રૂપે જોડાયેલા છે. કરૂણા સાગર ગૌશાળા હુબલીમાં પણ સેવા આપે છે.

આ કાર્યક્રમ પ્રસંગે ઉત્તરાખંડ રીલીફ ફંડ એકત્રિત કરતાં રૂા.૧૧૫૦૦/- જેટલી રકમ એકત્રિત થયેલ સાથે એટલી જ રકમ ઉમેરીને રાહત ફંડમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવેલ. કાર્યક્રમના અંતે સ્વરૂચી ભોજનને ન્યાય આપી સૌ છુટા પડ્યા હતા.નિમણુંક બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**નિર્મલાબેન ચંપક લોડાયા** એ-૭, કુંજવિહાર, વસંતવાડી, નામદેવ પથ, માનપાડા રોડ, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૧

**જયેશ ધનજી મુનવર** ડી-૩૮, શિવકલા, એવરશાઇન સીટી, વસઇ (ઇ), ફોન : 8149971168 / 8237129920

**મિથુન રાયચંદ જીવાણી** જી-૨/બી, સાઇ છાયા સદન, કર્વે રોડ, ભાગશાળા મેદાન, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨

**કલાવતી કિશોર મૈશેરી** ૩૦૨, શ્રીસિધ્ધિ એપા. બાલરાજેશ્વર રોડ, મુલુન્ડ (વે) મુંબઇ-૮૦.

**ભરતકુમાર મેઘજી લોડાયા** ૪૩૩-એ બીજે માળે, દેવીનગર, ન્યુ સંગાનેર રોડ, સોદાલા, જયપુર-૩૦૨૦૧૯ ફોન : 09672146592

**ચીમનલાલ ટોકરશી મૈશેરી** રૂમ નં.૫, ઓમ આરાધના, સખારામ રીક્ષાસ્ટેન્ડ સામે, કોપરક્રોસ રોડ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦.૬.૧૩ | વડાલા | VYGS | કવીશ-પુર્વી/વિરાજ વિરેન્દ્ર ગોસર | બાયઠ | પુત્ર |
| ૬.૭.૧૩ | ભાંડુપ | VADA070603 | વીર-કિંજલ/જય હરીશ ડાઘા | વરાડીયા | પુત્ર |
| ૧૦.૭.૧૩ | ભુજ | KRMU011103 | હિતાંશ-રેશા/ચિતેશ કુલીનકાન્ત મુનવર | કોઠારા | પુત્ર |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫.૭.૧૩ | બેંગલોર | SUDH034003 | વિવેક ઉમેશ ધનજી ધરમશી | સુથરી | ૨૫ |
| | કોલકત્તા | SDLO020304 | સિમોની દિનેશ પદમશી લોડાયા | સાંધવ | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૫.૧૩ | - | SMMA010101 | મનોજ સોમચંદ માડણ મૈશેરી | મોટીસિંધોડી | ૩૨ |
| | - | A | ભારતી લીલાધર લાલજી ઠક્કર | રાપર (વાગડ) | ૨૮ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૮.૧૩ | હૈદરાબાદ | VKLA | લક્ષ્મીબાઇ શામજી લધુભાઇ લાલકા | વાંકુ | ૮૪ |
| ૬.૮.૧૩ | થાણા | BHL0010502 | રમીલાબેન પંકજ ભાણજી લોડાયા | ભરૂડીયા | ૫૨ |
| ૨૫.૭.૧૩ | અમદાવાદ | LLMA | શાંતાબેન અમૃતલાલ નેણશી મૈશેરી | લાલા | ૭૫ |
| ૦૩.૮.૧૩ | ગોરેગામ | GDKR020701 | મીઠીબાઇ ઝવેરચંદ મેઘજી કુરૂવા | ગોધરા | ૮૮ |


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**ભૂરી ભૂરી અનુમોદના**
મા. કસ્તુરીબેન મુલજી દંડ પરિવાર (લાખણીયા) હસ્તે ભુપેન્દ્રભાઇ દ્વારા નવી મુંબઇમાં શિખરબધ્ધ નૂતન જિનાલયના શિલાન્યાસ બદલ હાર્દિક અનુમોદના...
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

# સાંધવ ગામે નૂતન ભોજનશાળા અને અતિથીગૃહનું ઉદ્ઘાટન




















# સાંધવ ગામે નૂતન ભોજનશાળા અને અતિથીગૃહનું ઉદ્ઘાટન




















# સાંધવ ગામે નૂતન ભોજનશાળા અને અતિથીગૃહનું ઉદ્‌ઘાટન




















C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# સાંધવ ગામે નૂતન ભોજનશાળા અને અતિથીગૃહનું ઉદ્‌ઘાટન



To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**